


# સનાતન સારથિ ગુજરાતી

જુન-૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટ્ટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦



Bhagavan
Sri Sathya Sai Baba

BRINDAVAN
WHITEFIELD
PHONE NO. 33
DATE: 21-4-74

My Dear! Accept my Blessings and Love
Religion is not a dogmatic faith, but the necessary conduct implied in the movement towards perfection. Therefore, religions cannot really contradict one another. All religions are the different forms taken in practical life by the one aspiration for perfection working through different temperaments. In this sense, no true freedom is possible without freedom in the light of religion.
Religion is the attitude of reverence which human beings have towards the Supreme Being, based on the relationship that exists between them and the Supreme Being. This reverence may take different forms in different persons because of the differences in the conceptions of the relation that is between man and the Supreme Being.

With Blessings
Sri Sathya Sai Baba
Camp "Brindavan"
Bangalore

ટેલીફોન નં. ૩૩
બ્રિન્દાવન, વ્હાઈટ ફીલ્ડ
તાઃ ૨૧.૦૪.૭૪

# ભગવાન શ્રી સત્ય સાઈબાબા

મારા પ્રિય,
મારા આશીર્વાદ અને પ્રેમ સ્વીકારો.


ધર્મ એ કોઈ જડ બાબત કે જક્કી શ્રદ્ધા નથી, પરંતુ પૂર્ણતાને પામવાની; સફરમાં, નૈતિક આચરણ કેવું હોવું જોઈએ તેની સમજણ છે. આથી જ, ધર્મો એકબીજાના વિરોધી હોઈ શકે જ નહી. અલગ-અલગ પ્રકૃતિ અને માન્યતાના આધારે, પૂર્ણતા પ્રાપ્ત કરવાની આકાંક્ષા પૂરી કરવા માટે, વાસ્તવિક જીવનમાં જે જુદા જુદા સ્વરૂપો-માર્ગો દૃષ્યમાન થાય છે તે જ આ બધા ધર્મો છે. આ દૃષ્ટિએ જોતા, ધર્મની રીતે જે સાચી છે તે જ સાચી સ્વતંત્રતા (મુક્તિ) ગણવી. (બીજા શબ્દોમાં, જ્યાં સુધી ધર્મની દૃષ્ટિએ યોગ્ય ન ગણાય, ત્યાં સુધી સાચી સ્વતંત્રતા/મુક્તિ શક્ય જ નથી).

માનવજાતિ અને પરમતત્વ વચ્ચે સ્થપાયેલા સંબંધ ઉપર આધારિત, વ્યક્તિઓનું પરમતત્વ (પરમેશ્વર) પ્રત્યે જે પૂજ્ય ભાવનું વલણ હોય છે તે જ ધર્મ છે. આ પૂજ્ય ભાવ જુદી જુદી વ્યક્તિઓમાં અલગ-અલગ સ્વરૂપે હોઈ શકે છે કારણ કે માનવી અને પરમતત્વના સંબંધોની અલગ-અલગ વિભાવનાઓ હોય છે.

- આશીર્વાદ સહ,
**શ્રી સત્ય સાઈબાબા**
"બ્રિન્દાવન" કેમ્પ બેંગ્લોર

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**



ટુંકી નજરથી વિચારનારા કેટલાક વિવેચકો એવું કહેતા ફરે છે કે આધ્યાત્મિકતાની વાતો, નાના બાળકોને ન કરવી જોઈએ, કારણ કે તેઓ આ બધું સમજવા માટે અને તેનો લાભ લેવા માટે ખૂબ નાના તેમજ બિનઅનુભવી પણ હોય છે. પરંતુ, જો કાંઈક કરવું જ હોય તો તેને વેળાસર-વહેલા જ શરૂ કરવું જોઈએ – એ જ હિતાવહ છે. આ સૂત્ર એ જ તો કહે છે. "વહેલી શરૂઆત કરો, ધીમેથી હાંકો અને સુરક્ષિત રીતે પહોંચી જાવ". આ સૂત્ર, માત્ર રેલવે કે રોડના પ્રવાસો કે પરિવહન માટે નથી. અસત્યથી સત્ય તરફની યાત્રા માટે, અંધારાથી પરમ તેજની યાત્રા અને મૃત્યુથી અમૃતત્વની યાત્રા માટે પણ આ સૂત્ર એટલું જ લાગું પડે છે. માનવીના આવેશો અને (નકારાત્મક) લાગણીઓને સંયમિત કરી રાખવા માટે, વિકસી રહેલા બાળકને, આવી (આધ્યાત્મિક) બાબતોથી દૂર રાખી-આ બાબતોની ઉપેક્ષા કરવામાં આવતી હોવાને કારણે જ, આજે આખુંય વિશ્વ, અશાંતિ, અસ્વસ્થતા, ભય અને ધૃણા જેવી બાબતોથી અત્યંત કષ્ટ અનુભવી રહ્યું છે.

- ભગવાન શ્રી સત્ય સાઈ બાબા.

પા.નં. **અનુક્રમણિકા...**


| | |
|---|---|
| ૫ | **દિવ્ય સાનિધ્ય સાચા સુખનો સ્ત્રોત** આત્મની ઐક્યતા વડે પરમાનંદનો અનુભવ કરો |
| ૭ | **વડિલોનું પ્રાયશ્ચિત્ત અને યજ્ઞ** - ભાગવત વાહિની, પ્રકરણ - ૫ |
| ૧૧ | **દિવ્ય માસ્ટર/માલિક સાથેની યાદગાર ક્ષણો** રાની સુબ્રમણિયન |
| ૧૭ | **પ્રેમાવતાર – બાબા** - જસ્ટીસ પી.એન.ભગવતી |
| ૨૪ | **ભગવાન શ્રી સત્ય સાઈબાબા સાથેના મારા અનુભવો** ડો. ગોતેતી સરસ્વતી. |
| ૨૯ | **સર્વજ્ઞને ઓળખો** - અવતારવાણી |
| ૩૨ | **શ્રી સત્ય સાઈ હિલ વ્યુ સ્ટેડિયમની વાર્તા** |



**શ્રી સત્ય સાઈ ટ્રસ્ટ ગુજરાત વતી અને**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા ના સહયોગથી**
મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૧**
**અંક : ૩૩૯/૦૬**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦
૨૫$ અથવા ૧૮£

**લવાજમ ની રકમ**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરાના નામે ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવી**



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ''
એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

સંપર્ક માટે :
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com


ટાઇટલ પેજ ફોટોગ્રાફ
**ભગવાન શ્રી સત્ય સાઇ બાબા**

**આપને અંક ન મળે તો ફોન દ્વારા જાણ કરવા વિનંતી. આપની પોસ્ટ ઓફીસમાં પણ તપાસ કરશો. સનાતન સારથિ દર માસની ૨૦મી તારીખે રવાના કરાય છે.**

**.... તંત્રી સ્થાનેથી**

સનાતન સારથિ પરિવારના સૌ વાચકગણ, સૌને જય સાઈરામ.

સનાતન સારથિની સમગ્ર ટીમ-જેમાં 7 અનુવાદકો, 4 ટંકકો, મુદ્રક અને 20 વાહકો અને ટપાલખાતું-આ સૌની મૂક મહેનત અને સહકારને કારણે આપણને અંક મળી રહે છે.

ભગવાન બાબાની અસીમ કૃપા તો છે જ કે આટલી ઓછી લવાજમની રકમમાં પણ સનાતન સારથિ (ગુજરાતી) ચાલે છે. અનુવાદકો, ટંકકો અને વાહકોની નિઃશુલ્ક સેવા હોવા છતાં, મોંઘવારી અને એકંદર થતો ખર્ચો લવાજમની રકમને ઓળંગી જાય છે. અત્રે વિગતવાર વાત કરવી અસ્થાને ગણાય પણ અછડતો ઉલ્લેખ કરવો જરૂરી પણ છે.

બીજી બાબત, મે-૨૦૨૧ સુધી પણ **આપણી ગ્રાહક સંખ્યા ચાર આંકડે પણ પહોંચી નથી**.

સનાતન સારથિનો એક ગ્રાહક વર્ગ સક્રિય છે- જે અંકની આતુરતાપૂર્વક રાહ જુએ છે અને આવે એટલે પૂરો અંક **વાંચે છે**. અંક ન મળે તો તરત અમોને જાણ કરે છે.

બીજો ગ્રાહક વર્ગ એવો છે જે શાંત છે (સાઈલેન્ટ મોડ)-તેઓ સમય મળે તો-ત્યારે અને તેટલું વાંચે છે. બાકી તો અંક ટીપાઈ કે કબાટની શોભા વધારે છે. અથવા એમાંના કેટલાક એવા છે જેઓ લવાજમ ભરીને સંતોષ માને છે કે ચાલો, બાબાની પ્રવૃત્તિમાં આપણું આટલું યોગદાન તો થયું. કેટલાક ગ્રાહકોના લવાજમ બીજા જ લોકો અથવા તો સમિતિ ભરે છે જેને કારણે એમને ત્યાં જતો અંક કેટલો લેખે લાગે છે તે કહી ન શકાય.

**સનાતન સારથિ કેમ નિયમિત વાંચવું (વાંચનનું મહત્વ) એ વિશે ફરી ક્યારેક વિગતે વાત કરીશું.**

હાલ આપણે બે મુદ્દાઓ વિશે વાત કરવી છે.

**(૧) સનાતન સારથિ અંક ન મળવા વિશે.........**

વાચક મિત્રો, સનાતન સારથિ દર માસની ૨૦ મી તારીખે જ પોસ્ટ ઓફિસમાં જીલ્લાવાર ઢગલાં બાંધીને પોસ્ટ થાય છે. ન તો ૧૯ મી કે ન ૨૧ મીએ. ૨૦ મી તારીખે જ પોસ્ટ ઓફીસમાં હેન્ડલીંગ ચાર્જીસ ભરવા પડે છે તેની પાવતી બતાવ્યા વગર પોસ્ટ ઓફીસ અંક સ્વીકારતું જ નથી.

આપણો અંક ઓર્ડીનરી પોસ્ટમાં જતો હોવાથી તેનો ટ્રેક રાખી ન શકાય. આપને અંક ક્યારેક નથી મળતો તે આપની વાત સાચી અને અમે અહીંથી પોસ્ટ કર્યો છે તે વાત પણ તેટલી જ સાચી. અત્યાર સુધી જેમને જેમને અંક નથી મળ્યો, એવું ફોન કરીને અમને જ્યારે પણ જણાવ્યું છે ત્યારે અમે તરત જ કવરમાં વધારાની ટપાલ ટિકીટ લગાવીને તેમને અંક રવાના કર્યો જ છે.

પરંતુ કેટલાક ગ્રાહકોને તો દર માસની જ તકલીફ રહે છે કે અંક તેમને નથી જ મળતો. તો તેમને માટે ત્રણ ઉપાય છે.

(૧) એમણે હવે પછી લવાજમ રીન્યુ ન કરવું. અમે તેમને દર માસે આજીવન સુધી અંકની pdf કોપી વ્હોટ્સએપ અથવા ઈ-મેઈલ આઈડી પર મોકલીશું (વિના મૂલ્યે). (૨) લવાજમ ચાલુ હોય ને અંક ન જ મળતો હોય તો પણ pdf કોપી મોકલી આપીશુ. (૩) નજીકના સાઈભક્તને ત્યાંથી અંક લાવીને વાંચીને એમને પરત કરવો (પણ એમનું વાંચીને થઈ ગયા પછી)

ઉપર જણાવ્યા પ્રમાણે, અંકનો ખર્ચો જ લવાજમથી વધુ થાય છે તો તેવી સ્થિતિમાં દર માસે અલગ ટપાલથી કે કુરીયરથી અંક મોકલવો પરવડે તેવું નથી.... આશા રાખું છું કે વાંચકમિત્રો આ મુદ્દો યોગ્ય પરિપ્રેક્ષ્યમાં લેશે.

**(૨)** ઘણા વાંચકો, એ મુંઝવણ અનુભવે છે કે તેમની પાસે વર્ષોથી સનાતન સારથિ આવે જ છે. તો તે અંકો વંચાઈ ગયા પછી તેનું કરવું શું? (કારણ પસ્તીમાં આપવું યોગ્ય નથી લાગતું).

આ બાબત ઉપર, આવતા અંકમાં આપણે ચોક્કસપણે કોઈ ઉપાયો વિચારીશું, પરંતુ તે અગાઉ, આપણા પૈકી કેટલાક અનુભવી વાચકો પાસે પણ આના ઉપાય હોઈ શકે છે. તેઓ અમોને લખીને જણાવે અથવા જણાવેલ સમય દરમ્યાન ફોન કરીને જણાવે જેથી બધા પાસેથી મળેલા ઉપાયોને સંકલિત કરીને, ઠોસ ઉપાયોના વિકલ્પો રજુ કરી શકાય અને વાંચકોની મુંઝવણનો ઉકેલ લાવી શકાય.

ભગવાન આપણને સૌને હેમખેમ રાખે, સંગઠિત રાખે અને એમના અવતારકાર્યમાં આપણને યોગ્ય કામ કરવાની તક આપે એજ પ્રાર્થના સહ..

તંત્રી - સતીશ માધવ બોકીલ
સનાતન સારથિ (ગુજરાતી)

અવતાર વાણી

# દિવ્ય સાનિધ્ય સાચા સુખનો સ્રોત

## આત્માની ઐક્યતા વડે પરમાનંદનો અનુભવ કરો

**તમામ નામો અને સ્વરૂપો ભગવાનના જ છે. પ્રત્યેક દિવ્યતાનું સ્વરૂપ છે. મનુષ્યને માનવ દેહ, દિવ્યતાને પિછાણવા માટે બક્ષિસ કરાયો છે**

**પ્રેમ સ્વરૂપો !**

આ જગતમાં એકેએક વ્યક્તિ સુખ-શાંતિ ઝંખે છે. કોઈને પીડા, ચિંતા અને સમસ્યા જોઈતી નથી. પરંતુ, મનુષ્યે સાચું સુખ શું છે તે જાણવા પ્રયાસ કરવો જોઈએ. ખરું સુખ ઐંદ્રિય મોજ મસ્તીમાં નથી, જોકે, ઘણાં લોકો તેવું જ વિચારતા હોય છે. હકીકતમાં ઐંદ્રિય સુખ મનુષ્યને પશુ સમાન બનાવી દે છે. તદ્ઉપરાંત, તેવું સુખ માત્ર ક્ષણિક આનંદ આપે છે. ભારતના પ્રાચીન સંતોએ પ્રાર્થના કરીને ભગવાનને પૂછ્યું હતું કે દુન્યવી આનંદ-પ્રમોદમાં સુખ છે? કે ભગવાનના સાનિધ્યમાં સુખ છે? તેમણે શોધી કાઢ્યું હતું કે સાચા સુખનો સ્રોત દિવ્ય સાનિધ્યમાં છે.

**<u>દેવ સંયોગ સાચું સુખ.</u>**

સાચું સુખ ભગવાનમાં મક્કમ શ્રદ્ધા અને તન, મન તથા બુદ્ધિના પૂર્ણ વિકાસમાંથી પ્રાપ્ત થાય છે. મનુષ્યનું તન, મન અને બુદ્ધિ તેને બૂરા માર્ગે ન લઈ જાય તે જોવાની ફરજ પણ તેની જ છે. મનુષ્યે સમજવાનું છે કે શરીર કરતાં મન ઉપર છે અને વધુ સૂક્ષ્મ છે. તે જ પ્રમાણે બુદ્ધિ મનથી ઉપર અને તેનાથી પણ વધુ સૂક્ષ્મ છે. બુદ્ધિ મનને કાબૂમાં રાખે છે, પરંતુ તન, મન અને બુદ્ધિનો અધિપતિ આત્મા છે. તમે કહો છો: "આ મારું શરીર છે, આ મારું મન છે અને આ મારી બુદ્ધિ છે", પણ તમે છો કોણ ? તમે આત્મા છો. મનુષ્યે આ સત્યને પિછાણવાનું છે અને એ જોવું જોઈએ કે તન, મન અને બુદ્ધિનો સદ્ઉપયોગ થાય કે જેથી જે ભગવાન સાથે જોડાયેલ છે તે સાચા સુખનો અનુભવ કરી શકે. ઈંદ્રિયો સાથેનું જોડાણ એ મનુષ્યની પીડાનું કારણ છે.

પ્રકૃતિ પરમાત્માનું સર્જન છે અને પરમાત્મા સર્જક છે. માટે, પ્રકૃતિ દિવ્ય છે. તે પરમાત્માની મરજી છે. મનુષ્યે ભગવાન પ્રત્યેની ભક્તિ વિકસાવવાની છે, જેથી વ્યક્તિગત મરજી દિવ્ય મરજીની એકરાગિતામાં હોય. સીતા પૃથ્વીની પુત્રી છે અને ત્યાગ, કરુણા, દયા અને શાંતિ જેવા દિવ્ય ગુણોની મૂર્તિ છે. સીતાએ સદા રામની સાથે રહેવાનું ઇચ્છ્યું છે. તેની મરજી રામની મરજીમાં એકરાગિત છે. મનુષ્યને ત્યારે જ શાંતિ પ્રાપ્ત થશે જ્યારે તે પ્રકૃતિ સાથે એકરાગિતાથી રહેતો થશે. શાંતિ બહાર નથી, શાંતિ ભીતર છે; બહાર શાંતિ (Peace) નહીં, પણ માત્રને માત્ર ટુકડાઓ (Pieces) છે.

**<u>પવિત્ર બુદ્ધિ - આત્માના તેજમાં ચમકે છે.</u>**

મન તનનો અધિપતિ છે, બુદ્ધિ મનની અધિપતિ છે અને આત્મા બુદ્ધિનો અધિપતિ છે. તેથી, જીવનો અધિપતિ આત્મા છે. જો કોઈ બુદ્ધિને ભગવાનમાં વિલીન કરે, તો તમામ ઈંદ્રિયો વશમાં રહે. મહાત્મા ગાંધીએ હંમેશાં પ્રાર્થના કરી હતી, " સબકો સન્મતિ દે ભગવાન "-( ઓ ભગવાન, સર્વને સદ્ બુદ્ધિ આપજો). પવિત્ર બુદ્ધિ આત્માના પ્રકાશનું પરાવર્તન કરે છે. મનુષ્ય પાસે ત્યારે જ સાચું જ્ઞાન હશે જ્યારે તે તેની

બુદ્ધિને વિશુદ્ધ કરશે. જ્યારે મનુષ્યની બુદ્ધિ દિવ્ય બની જશે ત્યારે તે ખરા માર્ગે પ્રસ્થાન કરશે અને શાંતિ તથા પરમાનંદનો અહેસાસ કરશે. જો તેનું મન ઈંદ્રિયોને અનુસરશે તો તે અણધારી આફતને નોતરશે.

**ગુરુને અનુસરો, દુષ્ટનો સામનો કરો,**
**અંત સુધી જંગ ખેલી લો,રમત પૂરી કરો.**

ગુરુ (ભગવાન) કોણ છે? આત્મા ગુરુ છે, માટે તેને અનુસરો. દુષ્ટનો સામનો કરવો એટલે કુસંગ, કુવિચાર અને કુકર્મથી દૂર રહેવું. અંત સુધી લડી લેવું તેનો અર્થ માથાભારે-અનિયંત્રિત-ઈંદ્રિયોને વશ કરવી. ઈંદ્રિયોને કહો : "આમ તેમ ભટકીશ નહીં, ફક્ત પ્રભુ પ્રતિ ગમન કર". આંખોએ ફક્ત સારું જોવું જોઈએ, કાનોએ ભગવાનનો મહિમા જ સાંભળવો જોઈએ.

**બૂરું જોવું નહીં, સારું હોય તે જોવું;**
**બૂરું સાંભળવું નહીં, સારું હોય તે સાંભળવું;**
**બૂરું બોલવું નહીં, સારું હોય તે બોલવું;**
**બૂરું વિચારવું નહીં, સારું હોય તે વિચારવું;**
**બૂરું કરવું નહીં, સારું હોય તે કરવું.**
**પ્રભુ પ્રત્યેનો માર્ગ આ જ છે.**

ગુડ(GOOD) શબ્દમાં બે શૂન્યો છે. એક શૂન્ય દુનિયા માટે છે. જો તમે આ એક શૂન્ય (દુનિયા) કાઢી નાખશો તો ફક્ત ગોડ(GOD) ભગવાન જ રહેશે ! માટે ભગવાનમાં તદ્રુપ થવા, સારું જુઓ, સારું કરો અને સારા રહો. તમારાં તમામ કર્મોને ભગવાન પ્રત્યે વાળો. ઈશુ ખ્રિસ્તે કહ્યું હતું, " બધા એક જ છે. દરેકના જેવા બની રહો."

**<u>તમામ શરીરોમાં એક જ આત્માનો વાસ છે.</u>**

બુદ્ધિમાં સારા-સારનો વિવેક છે. વિવેક બુદ્ધિ બે પ્રકારની છે-વ્યક્તિગત વિવેકબુદ્ધિ અને મૂળભૂત વિવેકબુદ્ધિ. મૂળભૂત વિવેકબુદ્ધિ ' સમસ્ત લોકા: સુખિનો ભવન્તુ ' પ્રાર્થના જેવી સાર્વત્રિક પ્રકારની છે. વ્યક્તિગત વિવેકબુદ્ધિ ફક્ત વ્યક્તિને લાગે છે. તે મર્યાદિત, સંકુચિત અને સ્વાર્થી છે. આ મારું શરીર છે, આ મારો મિત્ર છે, આ મારાં સગાંવહાલાં છે, વગેરે, વિચારવામાં આવે છે. તે અસત્ય પ્રસ્તુત કરે છે. મૂળભૂત વિવેકશક્તિ સત્ય પર આધારિત છે. મનુષ્યે પ્રભુ સાથે તાદાત્મ્ય કેળવવા માટે તમામ પ્રત્યે સદ્દભાવના અને શુભ લાગણી વિકસાવવાની છે.

સર્વેમાં એક જ આત્મા રહેલો છે. આ રૂમમાં ટ્યૂબલાઈટ્સ ઘણી છે, પણ તે તમામમાંથી વહેતો વીજ પ્રવાહ (કરન્ટ) એક જ છે. તમામ શરીરોને ઘણી ટ્યૂબલાઈટ્સ સાથે સરખાવી શકાય. ટ્યૂબલાઈટ્સની વીજશક્તિ જુદી જુદી હોઈ શકે ખરી, પણ તે તમામમાં વીજ પ્રવાહ એક જ હોય છે. તે જ પ્રમાણે તમામ શરીરોમાં એક જ આત્મા રહે છે-ભલે ને તેનાં સ્વરૂપો ભિન્ન-ભિન્ન હોય. ' એક પ્રભુ કે અનેક નામ.' દિવ્યતા એક જ છે જે સર્વમાં વિદ્યમાન છે. જ્યારે તમે એકતાનો અહેસાસ કરશો ત્યારે જ તમને પરમાનંદની પ્રાપ્તિ થશે. આત્માની એકરૂપતાના અનુભવમાંથી આવતો પરમાનંદ તમારાં જીવનને નવપલ્લવિત કરી દેશે. તેથી, આધ્યાત્મિક મુમુક્ષુઓએ અહીં-તહીં ભટકવાની જરૂર નથી; તેમણે એકાંતમાં ધ્યાન ધરવાનું છે. તો જ તેમને પરમાનંદનો અનુભવ થશે. આ એક હાથરૂમાલ છે. તેમાં અનેક ધાગા (દોરાઓ) છે. ગૂથાયેલા દોરાઓની એકતા તેને મજબૂતાઈ પૂરી પાડે છે. તે જ રીતે તન, મન અને બુદ્ધિની એકતા વ્યક્તિને મજબૂતાઈ આપે છે.

મનુષ્ય સત્, ચિત્ત, આનંદનું સ્વરૂપ છે. જ્યારે સત્ અને ચિત્તનું જોડાણ થાય છે ત્યારે તેનું પરિણામ આનંદ છે. સત્ ખાંડ (સાકર) જેવી છે, ચિત્ત વહેતા રહેતા પાણી જેવું છે. જો તમે ખાંડ અને પાણીનું મિશ્રણ કરશો તો તે 'સિરપ' જેવું બની જાય છે જેને આનંદ સાથે સરખાવી શકાય. આ આનંદ - પરમાનંદ - ભૌતિક જગતમાં ઉપલબ્ધ નથી. ભૌતિક જગત શાશ્વત-સનાતન-પરમાનંદ નહીં, પણ હંગામી સુખ આપી શકે.

(......વધુ આવતાઅંકમાં......)

(તા. ૫મી એપ્રિલ, ૧૯૯૬ના રોજ સાઈ શ્રુતિ, કોડાઈકેનાલ ખાતેના ભગવાનના પ્રવચનમાંથી)

## ભાગવત વાહિની, પ્રકરણ - ૫

# વડિલોનું પ્રાયશ્ચિત્ત અને યજ્ઞ

ધર્મરાજાએ વાસુદેવની સલાહ અને મહર્ષિ વ્યાસના મંગલ વચનોને સ્વીકારી બ્રાહ્મણોએ જે સોનાનો ત્યાગ કરી ત્યાંજ છોડી દીધું હતું, તે લાવવા માટે ધર્મરાજાએ પોતાના બંધુઓને સેના સમેત રવાના કર્યા. તેઓ શુચિર્ભુત થઈને દેવાર્પણ વિધિ કરીને એમના કાર્ય માટે નીકળી પડ્યા. મરૂત રાજાએ યજ્ઞની પૂર્ણાહુતિ નિમિત્તે બ્રાહ્મણોને જે બધુ સોનું ભેટમાં આપ્યું હતું, તે સ્થાન તેઓએ શોધી કાઢ્યું. તે વખતે, બ્રાહ્મણો તેમના ઘરે પાછા ફરતી વખતે, રસ્તાની બાજુમાં જ બધુ સોનું છોડી ગયા હતા. સેનાએ તે બધુ ભેગું કર્યું અને ઊંટો પર, હાથીઓ પર, રથોમાં અને ગાડાઓમાં ભરીને પાટનગર લઈ આવ્યા. આ આખોય જથ્થો હસ્તિનાપુર પહોંચતા કેટલાય દિવસો લાગી ગયા. લોકોના જયઘોષ અને બુલંદ લલકારાની સાથે, તેમણે તે સોનું વાહનોમાંથી નીચે ઉતાર્યું.

પાંડવોની આ સફળતા જોઈને, નગરજનો અચંબિત થઈ ગયા. પાંડવોના આ સદભાગ્યનું તેઓ ગુણગાન કરવા લાગ્યા. તેમણે નગરમાં, રાજકુમારો અને સુવર્ણનું, આનંદથી નાચી-ઝુમીને, જય જયકાર કરતા-કરતા એટલું તો સ્વાગત કર્યું કે તેમના ગળા ઘોઘરા થઈ ગયા. તેઓ બધા, યજ્ઞ માટે લાવેલા સોનાની માત્રા જોઈને, યજ્ઞની વિશાળતા અને ભવ્યતાની કલ્પના કરવા લાગ્યા અને આનંદિત થયા.

ગંગા નદીના પાવન તટ પર યજ્ઞવેદિ અને અન્ય જરૂરી વ્યવસ્થા નિર્માણનો આરંભ તરત જ શરૂ કરવામાં આવ્યો. આખીયે પવિત્ર ભૂમિ દૂર સુધી અનેક ચોરસ માઈલ વિસ્તારમાં પથરાયેલ હતી. મેદાનને સમથળ કરી સ્વચ્છ બનાવવામાં આવ્યું. મંચ ઉભારવામાં આવ્યો; સુંદર મકાનો આકાર લેવા લાગ્યા, પ્રવેશ દ્વારો અને કમાનો ઉભી કરવામાં આવી. ઓસરીઓનું નિર્માણ થયું. તોરણો અને ધજા-પતાકાઓથી સમગ્ર વિસ્તાર શણગારવામાં આવ્યો.

યજ્ઞનો પવિત્ર દિવસ જેમ જેમ નજીક આવતો ગયો, તેમ તેમ દરેક દિશાએથી ઋત્વિજો, બ્રાહ્મણો, પંડિતો અને સંતો, પવિત્ર સ્થળે આવવા લાગ્યા; જાણે કે દરેકને વહેલું પહોંચવાની ઉતાવળજ નહીં પણ ઉત્સાહ પણ હતો.

તે બધાને તેમની જરૂરિયાત અને યોગ્યતા પ્રમાણે નિવાસસ્થાનો ફાળવવામાં આવ્યા. બીજા દિવસની સવાર થતાં જ, જે ભવ્ય અને

સામર્થ્યપૂર્ણ યજ્ઞના સાક્ષી થવાનો લાભ મળવાનો છે તેના અરમાનોના સપના સેવતા સેવતા, તેઓ રાત્રિની ક્ષણો પસાર કરી રહ્યા હતા.

સવાર થઈ અને યજ્ઞના મુહૂર્તની ક્ષણો પણ આવી પહોંચી. પુરોહિતોએ પોતપોતાના સ્થાન ગ્રહણ કર્યા અને યજ્ઞારંભનો સંકલ્પ લેવા તૈયાર થઈ ગયા. ભગવાનશ્રી કૃષ્ણ અને મહારાજા તરફ ઉભા રહીને તેઓએ કહ્યું, "હે રાજન્ ! અમે સમજીએ છીએ તે પ્રમાણે, આપે એક નહીં પણ ત્રણ અશ્વમેધ યજ્ઞો કરવાનું નક્કી કર્યું છે, તે શું સાચું છે? જો તેમ હોય તો, શું અમે એક પછી એક એવી રીતે ત્રણે યજ્ઞ કરીએ, એમ તમે ઈચ્છો છો કે, પછી દરેક મંત્ર, વિધિ અને સુક્તો ત્રણ ત્રણ વખત ગાઈને-કરીને, ત્રણ યજ્ઞો સાથે ચલાવીએ? આ બાબતે આપ જો સ્પષ્ટતા કરો તો પછી બ્રાહ્મણો અને હોતાઓની, તે દૃષ્ટિએ અનુરૂપ ગોઠવણી અમે કરી શકીશું.

આના જવાબમાં ધર્મરાજાએ કહ્યું, "તમે જ્યારે-શું સારૂં છે- તે જાણોજ છો, તો મારે શું કહેવાનું હોય; તમે જે પણ કહેશો તેને હું માન્ય જ રાખીશ. માત્ર આપણે જે કોઈ માર્ગ અપનાવીએ, તેને વાસુદેવની મંજુરી મળે, તેટલું હું ઈચ્છું છું". અને તેઓએ આજીજીભરી દૃષ્ટિથી ભગવાન કૃષ્ણ તરફ જોયું. પરંતુ ભગવાન કૃષ્ણએ આ બાબત બ્રાહ્મણો પર છોડી દીધી. હવે બધા બ્રાહ્મણોએ થોડો સમય અંદરોઅંદર ચર્ચા કરી અને જાહેર કર્યું કે ત્રણ અશ્વમેધ યજ્ઞો કર્યાનું પરિણામ ત્યારે જ મળી શકે છે જ્યારે દરેક મંત્ર ત્રણ વખત ઉચ્ચારવામાં આવે અને જે બ્રાહ્મણો વિધિ માટે બેઠા હોય એમને ત્રણ ગણી દક્ષિણા આપવામાં આવે. વાસુદેવે, આ સૂચનને મંજુરી આપી અને એ જોઈને, ધર્મરાજાએ પણ પોતાની સ્વીકૃતિ આપી દીધી. યજ્ઞનો શુભારંભ કરવાની ભગવાને આજ્ઞા આપી.

બ્રાહ્મણો દ્વારા મંત્રોના ઉચ્ચારણથી ધરતી અને આકાશ-બન્ને જાણે કે ધ્રુજી ઉઠ્યા. પ્રાથમિક તબક્કાની વિધિ પૂરી થયા બાદ, યજ્ઞના અશ્વોને વિધિ પ્રમાણે લાવવામાં આવ્યા. સુંદર લગામ, કિમંતી ઝૂલ અને ઉપર સાજ નાખીને તેમને ખૂબજ સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા, અને તેમના મસ્તક ઉપર ઢંઢેરો લખેલ હતો, "જો કોઈ આ અશ્વોને રોકવાની હિંમત કરશે, તો તેણે યુદ્ધ માટે તૈયાર રહેવું પડશે". હવે જ્યારે, બધા યજ્ઞના ભોક્તા, સ્વયં પરમાત્મા જ હોય (યજ્ઞ સ્વરૂપ), અને એ જાતે જ જો અધિષ્ઠાતા બનીને યજ્ઞ કરાવી રહ્યા હોય, એ યજ્ઞમાં ભાગ લેનારા અને યજ્ઞને નિહાળનારાઓનું ભાગ્ય કેવું હોય, તેનું વર્ણન, શબ્દોથી કરવું અસંભવ છે. અને આમ યજ્ઞની સફળ રીતે પૂર્ણાહુતિ થઈ.

આહુતિ મંત્રોના વિદ્વાનો, ઋષિઓ અને બ્રાહ્મણોને અઢળક ભેટ-સોગાદો અને દક્ષિણા આપવામાં આવી. રાજાએ અસંખ્ય ગાયો, ભૂમિના વિશાળ પટ્ટાઓ અને જથ્થાબંધ સુવર્ણનું દાન કર્યું. સમગ્ર રાજ્યમાં આનંદ આનંદ ફેલાયો. દરેક જણે, આ અવર્ણનીય અને અદભૂત યજ્ઞના વખાણ કર્યા. યજ્ઞમાં પધારેલા દરેકે દરેકને મિષ્ટાન્નસહ ભોજન કરાવવામાં આવ્યું. ઋષિઓ અને તપોનિષ્ઠ મુનિઓએ, આ યજ્ઞની વિપુલતા જોઈ, તેઓ ઉત્સાહથી વખાણ કરતા ફરતા હતા કે આ પૂર્વે રાજા મરૂતે જે યજ્ઞ કર્યો હતો, તે કરતા પણ યુધિષ્ઠરનો યજ્ઞ શ્રેષ્ઠ હતો. તેમને આ યજ્ઞમાં ભાગ લેવા મળ્યો તેનાથી તેઓ બધા ખૂબ ખુશ હતા. જે લોકો ત્યારે એવું ટાંકતા કે રાજા મરૂતના યજ્ઞમાં તો દેવોના રાજા-ઇન્દ્ર પોતે સભાપતિ બન્યા હતા અને તેથી બીજા કોઈ પણ

યજ્ઞ કરતા, તેનો યજ્ઞ અતુલ્ય અને શ્રેષ્ઠ હતો. એ જ લોકો હવે, રાજા યુધિષ્ઠરને અભિનંદન આપતા હતા કે તેમના યજ્ઞમાં, તેમણે પ્રત્યક્ષ યજ્ઞસ્વરૂપ-વાસુદેવ-ને યજ્ઞના સભાપતિ બનાવ્યા હતા કે જે બહુ જ દુષ્પ્રાપ્ય ગણાય અને આથી જ મરૂતના યજ્ઞ કરતા તો આ યજ્ઞ જ શ્રેષ્ઠત્તમ હતો.

યજ્ઞ કાર્ય પૂર્ણ થતા જ દૂર દૂરથી આવેલા બધા પોતપોતાને સ્થાને જવા રવાના થયા અને બીજા આશ્રિત રાજાઓ અને આગેવાનો ધર્મરાજાની આજ્ઞા લઇ પોતાના મથકોએ પાછા ફર્યા. રાજાના સગા-સંબંધીઓ પણ થોડો વધુ સમય ત્યાં રોકાઇને પછી અનુકૂળતાએ પાછા ફર્યા.

પરંતુ, ભગવાન કૃષ્ણએ પાંડવો સાથે હજુ વધુ સમય સુધી રોકાવાનું પસંદ કર્યું અને આથી તેઓ હસ્તિનાપુર રોકાઈ ગયા. પ્રભુની એમના ઉપર અપાર કૃપા છે તેમ જાણીને પાંડવોને પણ ખૂબ આનંદ થયો. ભગવાનના નિવાસની તેમણે યોગ્ય વ્યવસ્થા કરી. તેઓ તેમની રોજ સેવા કરતા, તેમની સુંદરતાનું તેઓ નિત્ય દર્શન કરતા અને તેમના કૃપામયી વચનામૃતોનું નિત્ય શ્રવણ કરતા; આથી તેમના ઉર આનંદથી છલકાઈ જતા. આવી રીતે તેઓએ પરમ આનંદમાં દિવસો વિતાવ્યા. પાંડવોની રાજધાનીમાં આવી રીતે કેટલોક સમય રહ્યા પછી, ભગવાન કૃષ્ણ, અર્જુનને સાથે લઈને દ્વારિકા પાછા ફર્યા. પ્રભુની આમ પધરામણી થવાથી, દ્વારિકાના નગરજનોના આનંદની કોઈ સીમા ન રહી. અત્યંત આદરપૂર્વક, તેમણે કૃષ્ણનું સ્વાગત કર્યું. પ્રભુના દર્શન કરીને તેઓએ ઉજવણી કરી અને આનંદવિભોર થઈ ગયા.

એટલામાં, હસ્તિનાપુરથી સમાચાર આવ્યા કે યુધિષ્ઠિરના એક કાકા, નામે વિદુર, નગરની આસપાસના વિસ્તારમાં સાધુવેશમાં ફરી રહ્યાં હતાં. કર્ણોપકર્ણે આ વાત ફેલાતા, છેવટે તે મહારાજા યુધિષ્ઠિરના કાને પહોંચી. સમાચારથી તેને આનંદ અને આશ્ચર્ય બન્ને થયા. રાજાએ કેટલાક સેવકોને આ સમાચારની સત્યતા ચકાસવા મોકલ્યા; અને થોડીવારમાં જ સેવકો સમાચાર લઈને આવ્યા કે વિદુરજી, વાસ્તવમાં આવ્યા જ હતાં. ધર્મરાજા એમના આનંદના આવેશને રોકી શક્યા નહીં.

ધર્મરાજાએ આનંદોદગાર વ્યક્ત કરતા કહ્યું, "તમે મને કેટલો ખુશ કર્યો છે. આ પવિત્ર ક્ષણે, જાણે કે આશાના સુકાઈ ગયેલા થડમાં નવા પલ્લવો ફુટી નિકળ્યા હોઈ હવે હું વિદુરજીનું ધ્યાન રાખીશ અને સેવા કરીશ - જેમણે અમને અત્યાર સુધી ઉછેર્યા, અમારી રક્ષા કરી અને અમને માર્ગદર્શિત કર્યા. જો કે મને બીક હતી કે મને આવું કરવાની તક મળત કે કેમ.

આ હૃદયસ્પર્શી સમાચાર, રાજઘરાણાના સેવકો દ્વારા, રાણીઓ, રાજકુમારીઓ અને વનિતાઓ સુધી પહોંચ્યા. ધર્મરાજા પણ બેસી ન રહેતા, આ સમાચાર એમણે એમની આસપાસના દરેકને આપ્યા. પોતાનો આનંદ વહેંચવા, આમ તેઓ બીજાઓને ખોળતા રહ્યા. તેમણે સેનાને આદેશ આપ્યો કે વિદુરજીનું યોગ્ય રીતે સ્વાગત કરવા માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવે. નાગરિકોને પણ સાવધાન કરી એમનું ભવ્ય સ્વાગત કરવા માટે જણાવાયું કારણ છેવટે વિદુરજી - એ તો એમના કાકા, એક ૠષિતુલ્ય વ્યક્તિ અને ભગવાનના પ્રિય ભક્તોમાં અગ્ર સ્થાન મેળવનારામાં હતા.

રાજમાર્ગો અને આસપાસ આવેલા ભવનોને શણગારવામાં આવ્યા. સુંદર તોરણો, ઊંચી

કમાનો અને ધજા-પતાકાઓએ શણગારમાં ઉમેરો કર્યો. સ્ત્રીઓ, બાળકો અને વરિષ્ઠ ઉંમરવાળાઓ માટે, સન્માનયાત્રા નિહાળવાનો અને વિદુરજીના દર્શનનો લાભ મળે તે માટે, અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવી. અનેક વૃદ્ધો અને વૃદ્ધાઓ, લાકડીના ટેકે ટેકે વિદુરજીને જોવા આવ્યા હતા કે જે વિદુરજીને તેઓએ ધર્મના રખેવાળના સ્વરૂપે જોયા હતા અને પાંડવોના પિતાના સ્થાને માન્યા હતા. આ દૃશ્ય અત્યંત પ્રેરણાદાયી હતું. વિદુરજી હસ્તિનાપુર પાછા આવે છે અને એમને ફરી જોવાનો લ્હાવો મળવાનો-એ મુદ્દા પરત્વે ઘણાને આશંકા હતી, ઘણાને સ્વપ્નવત્ત લાગતું હતું. સમાચારની ખરાઈ ન કરતા તેઓ અફવાને પણ ઘોળીને પી જઈ, વિદુરજીના દર્શનની એક ઝલક મેળવવા સૌ કોઈ માર્ગો ઉપર ગોઠવાઈ ગયા હતા. બધાની આતુરતા વધી ગઈ હતી કે ક્યારે એ ક્ષણ આવે ને વિદુરજીના દર્શન થાય. બધી બાજુએથી, માર્ગો અને મકાનો, માનવ મહેરામણથી ઉભરાતા હતા. વૃક્ષોની ઉપર પણ યુવાનો ચઢી જઈને, આવેશ અને દર્શનની અપેક્ષામાં, વિદુરજીના આગમનની વધાઈઓની ઘોષણા આપતા હતા.

પ્રસંગાનુરૂપ વેશ પરિધાન કરી, મહારાજા રાજવીરથમાં આરૂઢ થઈને બંધુઓસમેત, ભગવાનના અનન્ય ભક્તને સ્વગૃહે લાવવા માટે રાજમહેલમાંથી નિકળ્યા.

સામેથી આવી રહેલ વિદુરજી, ધીમી ગતિએ પણ મક્કમ રીતે, સાધુવેશ ધારણ કરીને, ખુલ્લા વાળ સાથે, ઉઘાડા પગે ચાલતા આવતા નજરે પડ્યા. રાજા અને પાંડવ બંધુઓ સત્વરે રથમાંથી નીચે ઉતરી, અત્યંત નમ્રતાથી અને આદરપૂર્ણ વિદુરજીને ચરણે પડ્યા અને આમ તેમનું ઉચિત સ્વાગત કર્યું; અને તેમની પાછળ માનભેર મર્યાદાઅંતર રાખી ચાલવા લાગ્યા. સુરક્ષાબળના સૈનિકો દ્વારા ના પાડવા છતાં, નાગરિકો દોડીને વિદુરજીના પગે લાગવા પડાપડી કરવા લાગ્યા. પાંડવોની પ્રસન્નતા તો શબ્દોમાં ક્યાંથી વર્ણવાય-એ તો અવર્ણનીય-અમર્યાદ હતી. એમની આંખો જ કૃતજ્ઞતાના ભાવોથી ભરાઈ ગઈ હતી. નેત્રો એમના પ્રેમાશ્રુથી છલકાતા હતા. તેમણે વિદુરજીને એમની બાહુઓમાં આલિંગન આપીને પ્રાર્થના કરી કે, તેઓ હવે રથમાં બિરાજે જેથી રાજમાર્ગો પર હકડેઠઠ ભીડને એમના સંતોષપૂર્વક દર્શન થાય. વિદુરજીએ એ વાત સ્વીકારી લીધી. રાજવી રથમાં આરૂઢ થઈને, વિદુરજીએ માર્ગ ઉપર રાહ જોતા પ્રજાજનોને દર્શન આપ્યા. છેવટે સવારી, રાજમહેલ આવી પહોંચી. તે દિવસે, નગરના માર્ગો પર જાણે કે આનંદની મીઠી લહેરોનું પુર આવ્યું હતું.

કેટલાક નગરજનો તો એટલા આનંદવિભોર થઈ ગયા કે જાણે કે તેઓ એ જગ્યાએ જ જકડાઈ ગયા હોય. કઠોર તપશ્ચર્યાએ, તેમના વ્યક્તિત્વને, સમુળગીરીતે બદલી નાંખ્યું હતું અને તેઓ એક અલગ જ વ્યક્તિ હવે લાગતા હતા કે દેવોના રાજા ઈન્દ્રની જેમ, તેઓ પણ તેજઃપુંજ આભાથી દૈદિપ્યમાન લાગતા હતા. લોકો અંદરો-અંદર પોતાની રીતે પોતાની ભાવના વ્યક્ત કરી રહ્યા હતાં. વિદુરજીએ જે કઠિન પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો, જે આપત્તિઓ ભોગવી હતી અને તેમ છતાં તેમણે જે રીતે શાંતિ પ્રાપ્ત કરી હતી, તે વિચારીને ઘણા લોકો રડી પડ્યા હતાં. રાણીઓ અને રાજકુમારીઓ પણ વિદુરજીના દર્શન કરી, અત્યંત ભાવ વિભોર બની ગઈ હતી.

મે–૨૦૨૧ ના અંકથી ચાલુ

# દિવ્ય માસ્ટર/માલિક સાથેની યાદગાર ક્ષણો

રાની સુબ્રમણિયન

હું દર છ મહિને પુટ્ટપર્તિ આવતી હતી. ક્યારેક તો વર્ષમાં ૩ વાર પણ. હું તમને કહેવા માગું છું કે તે દિવસોમાં સ્વામીની આભા ખૂબ જ શક્તિશાળી હતી. તેઓ ખરેખર ખૂબ જ ટૂંકા સમયમાં આપણી આખી વિચારસરણીને પરિવર્તિત કરી શકતા. પહેલી મુલાકાતમના  થોડા દિવસોમાં જ, હું **સર્વ** કાંઈ સ્વીકારવા લાગી. સામાન્ય રીતે, હું મારા પોતાના ઘરે આવતા વરસાદ આવે તો પણ મને ગમતું નહોતું. એમાં પણ મારી કોઈ પ્રતિક્રિયા હોય જ. પરંતુ મેં પુટ્ટપર્તિમાં કોઈ પ્રતિક્રિયા આપી નહિ. સ્વામીએ તેમની શક્તિનો અમને અનુભવ કરાવ્યો.

કેટલાક લોકો સમજી શકશે નહિ, પરંતુ મારી પ્રથમ મુલાકાતમાં જ હું સમજી શકી **કે** તેમની પાસે અનંત શક્તિ છે જો કે તે સમજવા માટે બાબાના આશીર્વાદ હતાં. આપણે એને કઈ રીતે નકારી શકીએ. અમે વિચાર્યું કે આપણને ખલેલ પડશે. પરંતુ અમને જરા પણ ખલેલ પડી નહિ. કુદરતી ક્રિયાઓ માટે અમારે ડુંગર પર જવું પડ્યું પરંતુ તેનાથી અમને ત્રાસ થયો નહિ. જેમકે, અરે આપણે ચાલવું પડશે. આપણી પાસે શૌચાલય નહીં હોય વિગેરે વિગેરે... પણ અમે આનંદથી ચાલતા હતાં.

**<u>સ્વામીની અનંત શક્તિનો અનુભવ.</u>**

અમારી પાસે પાણીના નળ નહોતા. અમારે કૂવામાંથી પાણી લાવવું પડતું અને અમારે પાઠ મંદિર (જુનું મંદિર) થી ચિત્રાવતી નદી સુધી ઘણા બધાં કપડાં ધોવા માટે ચાલવું પડતું અને ધોબીની જેમ પાછા બધા કપડાં લઈને આવવું પડતું. આ બધી બાબતોથી ટેવાયેલાં નહોતા છતાં અમે પુટ્ટપર્તિ છોડતી વખતે રડ્યા હતાં. શું તમે માની શકશો? કે અમારે ઘેર પાછા જવું નહોતું. સ્વામીએ શું કર્યું ! તે એક જ રાતનો ફેરફાર હતો. હું અમારી જાતને ખૂબ જ ધન્ય માનું છું.

હું એમ નહીં કહું કે હું હવે તેનાથી નિર્લેપ છું. હવે સગવડતાઓ વિશે વધુ જાગૃત થઈ છું. પરંતુ તે દિવસોમાં સ્વામીએ અમને સ્વાદ ચખાડવા (અનુભવ કરાવવા) માટે કાંઈક કર્યું. પણ તે કાયમી પ્રાપ્તિ નહોતી. જેમ શ્રી રામકૃષ્ણ પરમહંસે, સ્વામી વિવેકાનંદને થોડા સમય માટે નિર્વિકલ્પ સમાધિનો અનુભવ આપ્યો અને પછી તે તરત પાછો લઈ લીધો હતો અને તેને ગુપ્ત રાખ્યો હતો. બાબાએ પણ એમ જ કર્યું. તેમણે અમને તેમની અનંત શક્તિ અને કૃપાનો અનુભવ આપ્યો કે તેઓ કાંઈ પણ કરી શકે છે. તે તે માટે તેમને સમયની પણ જરૂર નથી. મેળવવા માટે મારે છ વર્ષ સાધના કરવાની જરૂર પડી નથી. જરાય નહિ. તે તતક્ષણ અનુભવ હતો. પરંતુ તે માત્ર એક સ્વાદ ચખાડવા પૂરતો જ હતો. પરંતુ માત્ર સાધનાથી જ હું તેમની શક્તિનો પરચો કાયમ માટે મેળવી શકુ. કારણ કે આપણાં કુટુંબમાં ઘણી બધી બાબતો આપણે મંજૂરી ન આપીએ તો પણ કેટલીક દુ:ખદ ઘટનાઓ, જે લોકોને પરેશાન કરે એવી ઘટનાઓ થતી હોય છે. તે આપણને થોડા સમય માટે અસ્વસ્થ કરી દે છે. તે આપણને કાયમી અસ્વસ્થ ના કરે કારણ કે તે પરિસ્થિતિમાંથી પસાર થવાનું જ્ઞાન આપણી પાસે હોય છે. તે આપણને હંમેશા કેમ અસર કરતું નથી? આપણે ચિંતા કરતાં નથી. હા, તે ક્ષણે

આપણે અસ્વસ્થ થઈશું, કેમકે આપણે હજુ આપણાં જ્ઞાનમાં સ્થિર નથી. જ્યાં સુધી આ જ્ઞાન સ્થિર નહીં થાય ત્યાં સુધી મનની સમાનતા જાળવી રાખવાનો કાયમી ઉકેલ મળશે નહિ.

સ્વામી આપણને આપણાં અનુભવો દ્વારા બતાવી રહ્યા છે કે કંઈક અપ્રિય થઈ જાય અને આપણે વિચારવા લાગીએ કે "આવું શા માટે બને છે?" આપણે એના માટે ખૂબ વિચારીએ છીએ. એટલા માટે નહિ કે આપણે ચિંતા કરીએ છીએ. આપણે સ્વામીને પ્રાર્થના કરીએ છીએ પરંતુ 'આવું ન થવું જોઈએ' એના માટે આપણે થોડો સમય આપવો પડશે અને વિચારવું પડશે. બાહ્યરૂપે બનતી કોઈ પણ ઘટના પ્રત્યે તત્કાલ ઉદાસીનતા એ આપણી પ્રાપ્તિ, આપણી સિદ્ધિ હોવી જોઈએ. સ્વામી આપણને તે પ્રાપ્તિ આપવા માંગે છે. પણ આપણે આપણી જાત સાથે કામ કરવું પડશે અને પ્રત્યેક વ્યક્તિ તેની ક્ષમતા અનુસાર કરી શકે. ક્ષમતા એટલે પ્રારબ્ધ કર્મ કે જે પાછલા જન્મથી પ્રાપ્ત કરેલી વૃત્તિઓ અને ગુણવત્તા. હું બીજાની જેમ કરવાનું પસંદ કરીશ પણ તેમ કરવા હું સમર્થ નથી. કેમ? કારણ કે તે મારું પ્રારબ્ધ કર્મ છે. એકવાર અમે સ્વામીને પૂછ્યું, "પ્રારબ્ધ કર્મ નાબૂદ થઈ શકે?" તેમણે કહ્યું, ''હા, તમે તમારું પ્રારબ્ધ કર્મ કર્યું. ભગવાનને તેની સાથે કોઈ લેવા-દેવા નથી. તમે તમારું કર્મ કરી તમારું નસીબ લખ્યું છે. તમારે તેને ભૂંસી નાંખવું પડે. પરીક્ષાના પેપરની જેમ. તમારે તમારી પોતાની પરીક્ષાનું પેપર જાતે જ આપવું પડશે. શું કોઈ બીજું આવીને તમારા માટે લખી શકશે? ના, શિક્ષક પણ નહિ. તે એક એવી પરીક્ષા છે કે જેનો તમારે એકલાએ જ સામનો કરવાનો છે. તમે જે તમારું ભાગ્ય લખ્યું છે તેને તમે જ ભૂંસી શકો છો".

તમે તે કેવી રીતે કરી શકો? તેમણે મને એક વખત વ્હાઈટફીલ્ડમાં ગુરૂની આજ્ઞાંકિતતા વિશે કહ્યું હતું. હું આ કદી ભૂલીશ નહિ. તમારે બીજું કાંઈ જાણવાની જરૂર નથી. હવે આપણે ''તેમના'' ગુરૂની આજ્ઞાંકિતતા વિશેના પ્રવચનો સાંભળીએ છીએ. તેઓ વ્યક્તિગત રીતે વાત કરી રહ્યાં નથી. કારણ કે હવે લાખો લોકો આવી રહ્યાં છે. શું તેઓ દરેક સાથે વ્યક્તિગત વાતચીત કરી શકે છે? ના. પરંતુ તે દિવસોમાં ભાગ્યે જ ૧૦૦ લોકો હતાં. તેથી તેઓ ઘણાને સમય આપી શકતાં હતાં. હવે સ્વામી પાસે સમય ક્યાં છે? ફક્ત ૨૪ કલાક છે. કલાક લંબાતા નથી. તેમના માટે હજી પણ ૨૪ કલાક જ છે. તેમાં તેમણે ઘણું બધું કરવાનું છે. બધા માટે ઈન્ટરવ્યુ આપવા કે દરેક સાથે વાત કરવાનું અશક્ય છે.

તે વિશે એમણે વર્ષો પહેલાં કહ્યું હતું. "તમે ખૂબ ભાગ્યશાળી છો. આવી તક તમને ફરી મળશે નહિ. વર્ષો પછી આ તક તમને મળશે નહિ". શું આજે હવે હું સ્વામી સાથે વાત કરી શકું? ના. જરા પણ નહિ. ફક્ત સ્વામીને જોઈને પાછા ફરીએ છીએ. હું માની શક્તી નથી કે એક સમયે અમે તેમની સાથે ખૂબ આનંદથી સમય પસાર કરતાં હતાં. એકવાર તેમણે મને કહેલું, "વૃદ્ધ ભક્તોએ પાછા ફરવું જોઈએ. નવા આવનારા ભક્તોને સ્થાન આપો". આ જુના ભક્તોની કૃપા છે.

**<u>આપણે શાના માટે પ્રાર્થના કરવી જોઈએ?</u>**

વૃદ્ધ ભક્તો આવે છે અને આગળની લાઈનમાં બેસીને ઈન્ટરવ્યુ લેવા માગે છે. તો પછી તમે આત્મસાત શું કર્યું? કાંઈ જ નહિ. તેમણે મને એક વૃદ્ધ ભક્ત જે મારી મિત્ર હતી અને દર વખતે જ્યારે આવે ત્યારે ઈન્ટરવ્યુ માંગતી હતી. તે મદ્રાસ (ચેન્નાઈ)થી આવીને અહીં એકાદ-બે

મહિના રોકાતી. અને વિદાય લેતાં પહેલાં દર વખતે ઈન્ટરવ્યુ માંગતી. સ્વામી તેને ના પાડતાં પણ જીદ કરતી તેથી સ્વામી કહેતા, "ઠીક છે જાઓ" તેઓ વૃદ્ધ ભક્તોને બહુ ના પાડી શક્તા નહિ. મેં તેમની પરીક્ષા કરી.

અમે સ્વામીને પૂછતાં પરંતુ અમારે હવે કાંઈ ન પૂછવું જોઈએ. આટલા વર્ષોથી અહીં આવવાનો શો અર્થ? મારું ૫૭ વર્ષથી અહીં આવવું એ કોઈ વિશેષ લાયકાત નથી. મને કહેવા દો કે કોઈ વ્યક્તિ જે ફક્ત ૧૦ દિવસ માટે અહીં આવ્યો છે તે મારા કરતાં વધુ અનુભૂતિ મેળવી શકે છે. કારણ કે તેઓ કદાચ સમજ્યા હશે તેઓ કદાચ તૈયાર હોઈ શકે છે. તેઓ પરિપક્વ હોઈ શકે છે. સ્વામીને સમજવા માટે તમારી પાસે આધ્યાત્મિક પરિપક્વતા હોવી જોઈએ. અને તમારું જીવન સ્વામીના ઉપદેશ સાથે સુસંગત હોવું જોઈએ. નહીં કે તમને જોઈએ છે તે પ્રમાણે. ત્યાર પછી જ તમે તેમની પૂર્ણ કૃપા પ્રાપ્ત કરી શકો છો અને તમારું પ્રારબ્ધ કર્મ ભૂંસાઈ જાય છે. તેઓ મહાન દેખાવા માંગતા નથી. દર વખતે તેમનાં વિશે જ વિચારો, તે ખૂબ સરળ છે. 'નામસ્મરણ'. સ્વામીને પ્રાર્થના કરો, "સ્વામી, હું બધું જ તમને સમર્પિત કરું છું. "અને શાંતિ રાખો. વર્ષો પહેલાં બે વર્ષપછી હું આવી ત્યારે તેમણે મને કહ્યું, "તમે પ્રાર્થના કેવી રીતે કરવી એ જાણતાં નથી. તમારી બધી જ પ્રાર્થના ખોટી છે. હું તમને પ્રાર્થના કેવી રીતે કરવી તે શીખવીશ.

મને ખબર નથી કે હું શું ખોટું કરું છું. કારણ કે તેમણે કહેલું, "તમે બધી જ વસ્તુઓની માંગણી કરો છો. મારે આ જોઈએ છે. મારે તે જોઈએ છે. મારે આ રીતે કરવું છે. વિગેરે-વિગેરે. તમે હંમેશા કોઈ વસ્તુ માટે અથવા કોઈ અન્ય માટે પૂછતા હોવ છો. એવું ના કરો. મને કહી દો કે તમારે ગળાનો હાર અથવા બંગડી અથવા કાંઈક વસ્તુ જોઈએ છે. આ બધું ભોજનના એક ભાગ જેવું છે. તેને પૂર્ણ પ્રાર્થના બનાવો. અને પૂર્ણ પ્રાર્થના એ છે કે શાંતિ માંગો. પરમ શાંતિ (સર્વોચ્ચ શાંતિ) કે જેમાં બાહ્ય અવરોધોથી ખલેલ પડતી નથી. આમ, અને આ રીતે તમારે માંગવું જોઈએ અને તે હું તમને આપીશ."

અને પછી તેમણે ઉમેર્યું, "તમે જાણતાં નથી કે હું તમને કેવી રીતે આપીશ. તમે તેને મારા ઉપર છોડી દો. હું જાણું છું. અને તે તમારા સુધી પહોંચશે. ફક્ત એટલું જ કહો, 'સ્વામી, હું શાંતિ ઈચ્છું છું.' તમારી પ્રાર્થના માટે આટલું જ તમારે બોલવું જોઈએ. એવું ના કહો કે કાંઈક મને પરેશાન કરે છે અથવા મારે વધુ પૈસા જોઈએ છે. મારે ઘર જોઈએ છે. ભૌતિક વસ્તુઓ માટે પૂછશો નહિ."

**<u>સંપત્તિ જે માત્ર ભગવાન જ આપી શકે.</u>**

એકવાર તેમણે મને કહ્યું, "કારણ કે તમે મારા પ્રત્યે સમર્પિત છો અને તમે પ્રાર્થના અને સાધના કરી રહ્યા છો તેથી હું તમને દુનિયામાં જે પણ જોઈએ તે આપીશ. પરંતુ પછી, તમે મને મેળવી નહીં શકો, તમને સંસારનું બધું મળશે પરંતુ ભગવાન નહીં. ભગવાન શાંતિ છે, તે સત્ય છે, તે સદાચાર, શાંતિ અને પ્રેમ છે. હું પ્રેમ, શાંતિ અને કરુણા છું. આ બધું તમને નહિ મળે. પરંતુ તમને વિશ્વમાં બધું જ મળશે. પૈસા, પદ અને શક્તિ પણ. હું તે બધું તમને આપીશ કારણ કે તે તમે ઈચ્છો છો. પરંતુ આ બધાની સાથે તમે અશાંત બનશો. તમારી પાસે ઘણી સમસ્યાઓ હશે તેથી તે બધું તમે માંગશો નહિ. જો તમે ડાહ્યા માણસ છો, સારા ભક્ત છો, તો 'સોનુ' માંગો. શાંતિ એ સોનું છે. જો તે (શાંતિ) તમારી પાસે છે તો તેમાંથી તમે કાંઈ પણ મેળવી શકો છો. તેથી

'સોના' માટે માંગણી કરો. શુદ્ધ સોના માટે. આ 'શાંતિ' શુદ્ધ નક્કર સોનું છે. તેથી હું તમને બધાને જે આપવા આવ્યો છું તે છે પરમશાંતિ (સર્વોચ્ચ શાંતિ).

ભગવદગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ આ જ વાત કહે છે. જ્યારે અર્જુન તેમને આવો જ પ્રશ્ન પૂછે છે. "ભગવાન, હું તમને અનુસરીશ તો મને શું મળશે?" તેમણે કહ્યું, "હું તને એવી પરમશાંતિ આપીશ કે જેને કોઈ પણ બાહ્ય તત્વ ખલેલ પહોંચાડી શકશે નહીં." લાભ કે નુકશાન, પ્રશંસા કે દોષ, વિજય કે પરાજય, બધું સરખું જ લાગશે. બધી વિરોધી જોડી છે પણ તમે તેને પાર કરી શકશો.

આ ઉપરાંત ઠંડી કે ગરમીથી કોઈ સમસ્યા થવી ન જોઈએ. કારણ કે જ્યારે ગરમી હોય છે ત્યારે આપણે કહીએ છીએ કે "બહુ ગરમી છે. તે પણ અયોગ્ય છે. અને જ્યારે ઠંડી હોય છે ત્યારે આપણે કહીએ છીએ અરે, બહુ ઠંડી છે. હું ઈચ્છું કે થોડી ગરમી મળે". એનો અર્થ એ થયો કે આપણે વસ્તુઓ પર પ્રતિક્રિયા આપીએ છીએ. નાની નાની બાબતોને ધ્યાને ના લો. આપણે તેના પર પ્રતિક્રિયા આપવી ન જોઈએ. સાચું એ છે કે આપણે જે બોલીએ છીએ, ટિપ્પણી કરીએ છીએ તેનાથી આપણી ચેતનાની સ્થિતિને અસર થાય છે; જે આપણને અશાંતિ આપી શકે છે.

આશ્રમમાં ક્વાર્ટર્સ બંધાતા સુધી અમે, ભક્તો, રોજ પાઠ મંદિર (જુનુ મંદિર) થી પ્રશાંતિ નિલયમ આવતા અને સફાઈના કામમાં અને દરેક કામમાં મદદરૂપ થતા. બાંધકામ દરમ્યાન સ્વામીને વૃક્ષો વાવવામાં અને અન્ય બાબતોમાં મદદની જરૂર હતી. અને અમે સેવા આપતા. તેઓ પોતે જ અમને સેવા ફાળવતા. "તમે આ કરો, તમે તે કરો."

એક દિવસ જ્યારે અમે પ્રશાંતિનિલયમ આવી રહ્યાં હતાં, ત્યારે હજુ પ્રશાંતિ મંદિર તૈયાર નહોતું. આ બનાવ નવા મંદિરના નિર્માણ પહેલાં બન્યો હતો. અમે હજુ વિવિધ બાબતોમાં સેવા કરવા આવ્યા જ હતા, અને અમારે રોજ ભજન પણ કરવા પડતાં હતાં. તેથી અમે હંમેશા પ્રશાંતિનિલયમની અંદર-બહાર જતા આવતા રહેતાં. ઈમારતનો પાયો નંખાયો હતો. સ્વામી રેતી ઉપર બેઠા હતાં. ત્યારે ત્યાં કોઈ ખુરશી નહોતી. અને અમે ત્રણે બહેનો ત્યાં આવ્યા. મારી ચોથી બહેન તે સમયે સાથે નહોતી. તે ઘણી પાછળથી આવી.

**<u>ભક્તિ અને મુક્તિ પ્રદાન કરનાર.</u>**

અમે જેવા આવ્યા કે તેમણે અમને બોલાવ્યા. કહ્યું, "અહીં આવો". તેમણે અમને તેમની સાથે રેતી પર બેસાડ્યા. અમે બેસી ગયા. પછી તેમણે મારી મોટી બહેન કમલા સારથિ સામે જોયું. ભગવાનનાં તેમનાં પર ઘણાં આશિષ હતાં. અને તેને પૂછ્યું, "તારે શું જોઈએ છે? તારે જે જોઈએ તે હું આપીશ". તેણીએ અમારા તરફ જોયું. કારણ કે આ એક અણધાર્યો પ્રશ્ન હતો. તેણીએ કહ્યું, "સ્વામી, હું ભક્તિ અને મુક્તિ ઈચ્છું છું". પછી સ્વામીએ તેની તરફ જોયું અને પૂછ્યું, "શું તને ખાતરી છે કે તારે તે જ જોઈએ છે? તે મુશ્કેલ છે. શું તારે તે જ જોઈએ છે? ભક્તિ અને મુક્તિ?" તેણીએ કહ્યું, "હા". તેમણે કહ્યું, "એવું ના કરો કારણ કે હું તમને પૂછું છું પ્રમાણિક બનો મેં તમને પૂછ્યું એટલે તમારે ભક્તિ અને મુક્તિ માંગવાની જરૂર નથી. જો તમને દુનિયામાં કાંઈ પણ જોઈતું હોય તો પ્રમાણિકતાથી કહો અને માંગો. હું તમને આપીશ". પછી તેણીએ કહ્યું, "ના, સ્વામી, મારી પાસે બધું જ છે. મને નથી લાગતું કે મારે કાંઈક જોઈએ છે. મને ભક્તિ અને મુક્તિ જ જોઈએ છે".

સ્વામીએ કહ્યું, "આપ્યું, મેં આપી દીધું".

પછી તેમણે મારી બીજી બહેનને પૂછ્યું, "તારે શું જોઈએ છે?" તેણીએ પણ એમ જ કર્યું. તેમણે તેને પણ કહ્યું, "મને જવાબ આપતા પહેલા વિચારી લો. પ્રમાણિક બનો". અને પછી તેણીએ કહ્યું, "સ્વામી, મારે પણ ભક્તિ અને મુક્તિ જ જોઈએ છે". પછી સ્વામીએ મને પૂછ્યું, "તારે શું જોઈએ છે?" મેં કહ્યું, "સ્વામી, મારે પણ એ જ વસ્તુ જોઈએ છે". પછી મને ખબર નથી પણ કેમ તેમણે મારી બાબતમાં પુનરાવર્તન કર્યું. "રાણી મા, તે મુશ્કેલ બનશે, શું તમને ખાતરી છે કે તમારે તે જ જોઈએ છે". મેં કહ્યું, "હા સ્વામી, મારે તે જ જોઈએ છે". તેમણે કહ્યું, "ઠીક છે, હું તે તમને આપીશ".

પછી તેમણે અમારી સાથે આધ્યાત્મિકતા વિશે વાતો કરી. તેઓ હંમેશા અમને શાસ્ત્રોમાંથી કાંઈક કહેતા. કાં તો રામાયણમાંથી અથવા ભાગવતમાંથી. કાંઈક આધ્યાત્મિક. તેમણે ક્યારેય પણ કુટુંબ અથવા અન્ય કોઈ બાબતે વાત કરી નથી. અને ત્યાર પછી અમે ત્યાંથી નિકળી ગયા.

**<u>પરીક્ષણો દ્વારા જ પ્રાપ્તિ.</u>**

આ ઘટના પછી સ્વામી મારા સ્વપ્નમાં આવ્યા અને કહ્યું, "રાણી માં, શું તમે જાણો છો કે તમે શામાંથી પસાર થવાના છો? તમે ભક્તિ અને મુક્તિ માંગી છે હું તમારી સારવાર ભીના ટુવાલની જેમ કરવા જઈ રહ્યો છું. જેમ કોઈ ભીના ટુવાલમાંથી પાણી બહાર કાઢવા તેને નીચોવે છે. હું તમારી સાથે તે પ્રમાણે કરીશ. શું તમે તે સહન કરી શકશો?". મેં કહ્યું, "હા, સ્વામી". તેમણે કહ્યું, "ઠીક છે. પરંતુ તમારે કઠિન પરીક્ષણોમાંથી પસાર થવું પડશે".

તમે જુઓ મને લાગ્યું કે તેમણે આ બધું સ્વપ્નમાં નથી કહ્યું. તેથી હું ફક્ત મારી જાત માટે જ વિચારતી હતી. 'શા માટે તેમણે મને આવું કહ્યું?" સાચું કે ખોટું, હું એ તારણ પર પહોંચી કે કેટલાક લોકો માટે તેમનું પ્રારબ્ધ અનુકૂળ હોય છે. માત્ર થોડી કસોટીઓ સાથે તેઓ કદાચ તે પ્રાપ્ત કરી શકે છે. અથવા જ્યારે સ્વામી કહે છે, "હું તે આપીશ'. તો એનો અર્થ આ જ જન્મનો ના હોઈ શકે. તે પછીના જન્મમાં પણ તેઓ આપી શકે છે. કારણ કે તેમના મતે જન્મ અને મૃત્યુનું કોઈ મહત્વ નથી. જીવન એ સતત ચાલતી પ્રક્રિયા છે. એ જ આત્મા આવે છે અને જાય છે.

આપણે ભગવદગીતામાં પણ વાંચ્યું છે કે મૃત્યુ એ વ્યક્તિનો અંત દર્શાવતું નથી. આ યાત્રા મૃત્યુ પછી પણ ચાલુ રહે છે. તેથી તેમણે તે ક્યા કારણોસર આપ્યું મને હજી ખબર નથી. પરંતુ સ્વપ્નમાં તેમણે કહ્યું, "તમે તૈયાર રહો? હું તમને ભીના ટુવાલની જેમ નિચોવીશ. હજી તમે તમારો વિચાર બદલી શકો છો તમે 'ના' કહી શકો છો, અને કહી શકો છો કે હું દુનિયામાં ખુશ અને આરામદાયક છું, અને મને નથી લાગતું કે મારે હજી મુક્તિની જરૂર છે".

ભક્તિ કરતાં મુક્તિ વધારે મુશ્કેલ છે. મનથી છૂટવું તે તપસ્વીની ભૂમિકા જેવું છે. મે કહ્યું, "ના, સ્વામી મારે ભક્તિ અને મુક્તિ બન્ને જોઈએ છે. તમે મને નીચોવી શકો છો." ત્યાર પછી હું ઘણી બધી કસોટીઓમાંથી, ઘણાં બધા પ્રકારની વેદનામાંથી પસાર થઈ છું. મને લાગે છે કે જો મેં જ તેવુ માંગ્યુ હોય તો મારે કોઇ પણ કસોટી માટે તૈયાર રહેવુંજ જોઇએ. જો કે કસોટીઓ દરમ્યાન મેં ઘણું બધું સહન કર્યું છે પરંતુ એનાથી વિશેષ એવું કાંઈક છે જે સામનો કરવાની હિંમત આપે છે. હું તેનાથી નીચે ઉતરતી નથી. પરંતુ હું તેમનું નામસ્મરણ કરવાનું અને વધુ પ્રાર્થના કરવાનું

ચાલુ રાખુ છું. સ્વામી કહે છે કે તમે હંમેશા પ્રાર્થના કરો મનની શાંતિ જાળવવાનો આ જ એક માત્ર રસ્તો છે.

સ્વામી કહે છે, "જ્યારે કોઈ સમસ્યા આવે છે ત્યારે સમસ્યા વિશે વિચારશો નહિ, જરા વિચારો, આ બધું અનિત્યમ (કામચલાઉ) છે. હું આ બધાને દૂર કરીશ. તમે મારું નામ જપતા રહો અને હું તમને મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ આપીશ.

**<u>તમારી જાતને તમારી સમસ્યાઓ સાથે ન જોડો.</u>**

એક વખત સ્વામીએ મને પ્રશાંતિનિલયમમાં ઈન્ટરવ્યુ માટે બોલાવી. તેમણે મને પૂછ્યું, "રાણી માં, શું તમને કોઈ ઘરેલુ સમસ્યા છે?" મેં કહ્યું, "હા સ્વામી", તેમણે પૂછ્યું, "શું તમે જાણો છો કે તે સમસ્યાઓ કેવી રીતે દૂર કરવી?" મેં કહ્યું, "ના સ્વામી, મને ખબર નથી. તમારે મને કહેવું પડશે". તેમણે મને કહ્યું, "જ્યારે તમને સ્વપ્ન આવે છે ત્યારે તમને ક્યારેય ખ્યાલ આવે છે કે તમે સ્વપ્ન જોઈ રહ્યાં હતાં?". તેમણે કહ્યું, "જ્યાં સુધી તમે જાગતાં નથી ત્યાં સુધી શું તમે તમારી જાતને સ્વપ્ન સાથે એકરૂપ થયેલા જોતા નથી?" મેં કહ્યું, "હા".

તેમણે કહ્યું, "આ બધી સમસ્યાઓ સ્વપ્નના ક્ષેત્રમાં આવે છે. શું તમે જાણો છો કે તમારે પોતાની જાતને શું કહેવું જોઈએ? એમ કહેવું જોઈએ કે સ્વામી, આ એક સ્વપ્ન જ છે. જો તમે એમ કહેશો તો તે તમને સ્પર્શસે નહિ. પરંતુ જો તમે સ્વપ્નમાં જે કાંઈ થઈ રહ્યું છે તેની સાથે પોતાની જાતને જોશો તો તમારે ભોગવવું પડશે. તેથી તમારે ફક્ત તમારી ભૂમિકા નિભાવવાની છે".

આ રીતે તેમણે કહ્યું કે કઈ રીતે આપણે પોતાની જાતને અલગ રાખવી જોઈએ, તેમણે કહ્યું, "તમે જુઓ, તમે બધા જ એક ભૂમિકા ભજવી રહ્યાં છો. જીવ અને આત્માની ભૂમિકા. હું આ છું, તે છું. તે એક અહંકાર છે, ખોટી ઓળખાણનો. તમે તે વાસ્તવમાં નથી. તમારે તમારી જાતને કહેવું પડશે કે હું ભૂમિકા નિભાવી રહ્યો છું. પરંતુ મારો વાસ્તવિક સ્વભાવ આત્મા છે. હું આ બધાંથી પર છું સ્વામી. સતત તમારે તે વિચાર પર ધ્યાન આપવું જ પડશે, નહિ તો તમે તમારી સમસ્યાઓ સાથે નીચા જશો. તમે ભોગવશો, તમે બેચેન બનશો. તમે ચિંતાતુર થશો. પરંતુ તમારે તમારી જાતને એક વિષ (મારણ)ની જેમ મદદ કરવી પડશે. અને કહેતાં રહેવું પડશે કે, 'આ બધું સ્વપ્ન છે સ્વામી'. જો આમ કહેવા છતાં પણ તમને તેની જાગૃતિ નથી રહેતી તો મને કહો, સ્વામી, કૃપા કરીને મને તે જાગૃતિ આપો. તમે જે કાંઈ પણ માંગશો તે આપવા હું હંમેશા તૈયાર છું. પણ તમારે માંગવું પડશે. હું તે તમને મારી જાતે આપીશ નહિ".

તેમણે કહ્યું, "જો તમે. યોગ્ય વસ્તુઓ માંગશો, તો હું ચોક્કસ તમને મદદ કરીશ. જો તમે દુન્યવી વસ્તુઓ માંગશો, તો હું તે પણ તમને આપીશ. પરંતુ ફરીથી તમે માયા, ભ્રાંતિમાં ફસાઈ જશો. પરંતુ જો તમે માંગશો તો હું તમને એવો અનુભવ આપીશ કે તે એક સ્વપ્ન છે. અને તે તમને સ્પર્શસે પણ નહિ.

આ । મ શરૂઆતથી જ સ્વામી આપણને આધ્યાત્મિક સૂચનાઓ આપી રહ્યાં છે.

(ક્રમશઃ ચાલુ)

સૌજન્યઃ- શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટર,
(લેખકઃ- લગભગ ૭૦ વર્ષથી એક સમર્પિત ભક્ત. ૧૯૫૦ ની શરૂઆતમાં જ ભગવાન બાબા પાસે આવ્યાં. ભગવાન તેઓને 'રાની મા' કહીને બોલાવતા. તેમનું જીવન સ્વામીના દિવ્ય અનુભવોનો ખજાનો હતો.)

# પ્રેમાવતાર – બાબા

જસ્ટીસ પી.એન.ભગવતી

ભગવાન બાબા વિશે કાંઈ પણ લખવું એ તો સમગ્ર બ્રહ્માંડને ખોબામાં સમાવી લેવાનો અથવા નાની ફૂટપટ્ટીથી સમગ્ર પૃથ્વીના પરિઘનું માપ કાઢવાનો પ્રયાસ કરવા બરાબર છે. એક સિમિત-પરિમિત તત્વ અનંત અને મર્યાદાથી પર એવા તત્વનું માપ શી રીતે કાઢી શકે? ભગવદ્ ગીતામાં કહેવાયું છે કે જ્યારે જ્યારે ધર્મની હાની થશે અને અધર્મ વધી જશે ત્યારે પરમાત્મા આ પૃથ્વી પર ધર્મના ઉદય અને પુન:સ્થાપન અર્થે અવતાર ધારણ કરશે. સદીઓથી જ પરમાત્મા નિજ સંકલ્પ અને કોઈક નૈસર્ગિક વ્યવસ્થાપન થકી અવતાર ધારણ કરતા આવ્યા છે અને ભારતની પવિત્ર ભૂમિને એમના પ્રાદુર્ભાવ માટે પસંદ કરી છે; ભગવાન બાબા આ યુગના અવતાર છે, જેઓ માનવ સ્વરૂપે મનુષ્ય જાતિને પ્રેમ અને ભક્તિના માર્ગે દોરવા અવતર્યા છે. એવા ભગવાન બાબાનું તત્વ જ એવું ગહન અને અગમ્ય છે, એટલું વિશાળ અને અંગત છે, એટલું જ અપરિમિત અને વિશ્વવ્યાપી છે કે તેને શબ્દોમાં કંડારવું શક્ય જ નથી- તે અવર્ણનીય છે. તે તત્વની ઝાંખી તો તેમના દિવ્ય સંપર્ક થી જ કરી શકાય. અને તો પણ બાબાનું પૂર્ણ દર્શન-બાબા વિશેની પૂર્ણ સમજ તો અસંભવ જ છે. માત્ર તેમના દિવ્ય તત્વની આંશિક ઝાંખી જ કરી શકાય. પંડિત નેહરુએ મહાત્મા ગાંધી વિશે કહેલું કથન યથાર્થ રીતે બાબા વિશે મળતું આવે છે. “જ્યાં તેઓ ડગ માંડે તે ભૂમિ સન્માનનીય બને છે અને જ્યાં બેસે છે ત્યાં મંદિર બને છે”. અને તેથી એક વિનમ્ર સત્ય શોધક તરીકે આપણા સૌના સૌમ્ય દર્શન માટે-સમજ માટે બાબાના દિવ્ય વ્યક્તિત્વના માત્ર બે કે ત્રણ પાસાઓ રજૂ કરવાનો હું પ્રયત્ન કરીશ.

'વિવેક ચૂડામણિમાં શંકરાચાર્ય કહે છે: એવી ત્રણ વસ્તુઓ છે કે જે જીવનમાં પ્રાપ્ત કરવી અતિ મુશ્કેલ છે અને માત્ર પરમાત્મ કૃપાથી જ સિદ્ધ કરી શકાય છે. (૧) માનવ જન્મ (૨) મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા અને (૩) મહાપુરુષોનો સંગ.

મોક્ષ પ્રાપ્તિની અભીપ્સા એ ચાર મૂળભૂત પાયાની પ્રારંભિક ચીજો પૈકીની એક મહત્વની ચીજ છે જે ઈશ્વર દર્શન માટે અતિ આવશ્યક છે; બીજી વસ્તુઓ છે વિવેકશક્તિ (સારુ-નરસુ, સત્-અસત્ વિગેરેની પરખશક્તિ) પરિત્યાગવૃત્તિ અને ધૈર્ય. પરંતુ આ ચારેય પ્રારંભિક છતાં પાયાની વસ્તુઓ પરમાત્મ કૃપા વિના સિદ્ધ કરવી અતિ મુશ્કેલ છે. તપસ્યા અને પરિશ્રમ આવશ્યક તો છે જ છતાં ઈશ્વરકૃપા વિના એ સિદ્ધ થતા નથી. મહાભારતના ઉદ્યોગપર્વમાં ભગવાન કૃષ્ણ આ વિશે સ્પષ્ટ ઉલ્લેખ કરે છે “મનુષ્યયત્ન અને ઈશ્વરકૃપા.” મનુષ્યયત્નને તેઓ જમીનને ખેડવાની પ્રવૃત્તિ સાથે સરખાવે છે અને ઈશ્વરકૃપાને વરસાદ સાથે સરખાવે છે. તપસ્યા એટલે પોતાની મહેચ્છા-મોક્ષની એષણાનું મનમાં રોપાણ એટલે જ ધરતીમાં અનાજના બીજનું રોપાણ અને ઈશ્વરની કૃપા તે વર્ષા. ભગવાન બાબા આપણાં સૌની ઉપર તેમની દિવ્ય પ્રેમવર્ષા - કૃપાવર્ષા વરસાવી જ રહ્યા છે પરંતુ હૃદયમાં મોક્ષપ્રાપ્તિ - ઈશ્વરદર્શનના બીજ રોપી તેનું સંવર્ધન કરવાની જવાબદારી આપણા સૌની છે. હૃદયમાં એષણાના બીજ વાવીએ અને સાધના-તપસ્યા

વડે તેનું સંવર્ધન કરતા રહીએ તો ભગવાન બાબાની કૃપા થકી બીજ ફૂલે ફાલે અને અંતે સ્વદર્શન, આત્મદર્શન અને મોક્ષના પુષ્પો ખીલી ઊઠે.

બાબા જે રાહ ચીંધે છે તે રાહ પ્રેમ અને ભક્તિનો છે. તેમણે તો હંમેશા નિરપેક્ષ અને શુદ્ધ પ્રેમનું સૂત્ર જ આપ્યું છે. આપણે તો ભગવાન બાબાને પ્રેમ અને કરુણાના સાગર સ્વરૂપે જ નિહાળ્યા છે. જ્યારે જ્યારે બાબાને આપણે જોયા છે ત્યારે તેમના પવિત્ર ચરણ કમળના દર્શન માટે એકત્રિત થયેલા આતુર લોકો વચ્ચે ફરતા જ જોયા છે. સદાયે તેમના તરફથી પ્રેમ અને કરુણાનો ધોધ વહેતો જ જોયો છે. બાબા સ્વયં તો પ્રેમ સ્વરૂપ જ છે અને પ્રેમ સદાયે સર્વસ્વીકૃત અને વિશ્વવ્યાપક બની રહે છે તેનું દર્શન તેમના સમગ્ર જીવન કાર્ય દ્વારા પ્રતિપાદિત કર્યું છે. મેં પોતે બાબાના સમગ્ર માનવજાત માટેના અનંત પ્રેમ અને મમતાનો અનુભવ કર્યો છે. કેટલાક વરસો પહેલાં ભગવાન બાબા અમદાવાદ પધાર્યા હતા અને મારી સાથે જ રહ્યા હતા, અને ત્યારે વિશાળ જન સમુદાય તેમના પવિત્ર દર્શન માટે સવારથી મોડી રાત સુધી ઉમટતો હતો, અને દર વખત બાબા બહાર જતા, લોકો વચ્ચે ફરતા, લોકોને મળતા, તેમને દિલાસો-હૂંફ આપતા અને તેમના અદભૂત વ્યક્તિત્વની માત્ર હાજરી થકી જ તેઓને દિવ્ય પ્રેમનો અનુભવ થતો. તેમના વ્યક્તિત્વમાંથી પવિત્ર પ્રેમભાવ અને કરૂણા પ્રગટ થતા. આ પહેલાં કોઈ પણ અવતારે ભગવાન બાબાની માફક જનસમૂહ વચ્ચે જઈ, તેમને માર્ગદર્શન, સલાહ સૂચન આપ્યા હોય, તેમને આશ્વસ્થ કર્યા હોય અને તેમને સત્ય, ધર્મ, શાંતિ અને પ્રેમના માર્ગે દોર્યા હોય એવું બન્યું જ નથી. માનવજીવો માટે બાબાને એટલો અખૂટ અને અગાધ પ્રેમ હતો કે તેમણે પોતાની સગવડ કે સુવિધાની પણ દરકાર રાખી ન હતી. અને ગમે તે નાના મોટા અવસરે ભગવાન જરૂરિયાતમંદોને અન્ન-વસ્ત્રો પોતે જાતે જઈને વહેંચતા અને તેમના પોતાના પ્રેમભાવનો અનુભવ કરાવતા.

એવા અસંખ્ય પ્રસંગો ટાંકી શકાય કે જ્યારે સમગ્ર માનવજાત માટે પ્રેમ અને કરુણાવશ એવા બાબાએ પોતાના ભક્તોના દુઃખ-વેદના અને માંદગી-રોગ પોતે જ ગ્રહણ કરી લીધા હોય. આમાંનો એક અતિ યાદગાર પ્રસંગ ૨૮ જૂન ૧૯૬૩ નો છે જ્યારે ભગવાને પોતાના એક લાચાર ભક્તનો રોગ પોતે જ લઈ લીધો હતો. બાબાએ તેની માંદગી પોતે જ લઈ લીધી અને પોતે જ ગંભીર લકવાના રોગનો ભોગ બન્યા. પોતાની ડાબી બાજુ પર પક્ષાઘાતની ઘેરી અસર અનુભવી, હૃદયનો તીવ્ર આંચકો પણ અનુભવ્યો-ઉપરાંત આંશિક રીતે પોતાની આંખની દ્રષ્ટિ પણ ગુમાવી. તે આઠ દિવસોમાં તેમને હૃદયના ચાર હુમલાઓ આવી ગયા. આઠમા દિવસે એટલે કે ૬ઠ્ઠી જુલાઈના રોજ ગુરુપૂર્ણિમાના દિવસે કેટલાક અનુયાયીઓ બાબાને ઊંચકીને ભક્તોથી ભરચક એવા હોલમાં લાવ્યા, ભક્તોની હાજરીમાં જ પોતે પોતાના શરીર પર, લકવાગ્રસ્ત ડાબા હાથ-પગ પર પાણીનો છંટકાવ કર્યો અને સૌના આનંદની વચ્ચે બાબા ફરીવાર સ્વસ્થ-સામાન્ય બની ગયા. બાબા થકી ભક્તોમાં પ્રેમ અને ભક્તિનો એવો તો પ્રવાહ વહેતો હતો કે બાબાને સ્વસ્થ જોતાં જ ત્યાં એકત્રિત સૌ કોઈ આનંદથી ઝૂમી ઊઠ્યા. તેઓ નાચી ઊઠ્યા, આનંદની ચિચિયારી પાડવા લાગ્યા તો કેટલાકને તો હર્ષાશ્રુ પણ આવ્યા. કેટલાક તો એટલા ભાવવિભોર બની

ગયા કે આનંદોન્માદિત બની ખરેખર જ દોડવા માંડ્યા. તે પછી હોલમાં બેઠેલા સૌ સમક્ષ બાબાએ પ્રવચન આપ્યું અને સ્પષ્ટ કર્યું કે આ પોતાની માંદગી ન હતી પરંતુ એક ભક્તને તેની માંદગીમાંથી ઊગારી લેવા આ માંદગી વહોરી લીધી હતી. બાબાએ કહ્યું કે, "મારા ધર્મ-મારી ફરજ અનુસાર મારા ભક્તોને તેમના કષ્ટ અને વેદનાઓમાંથી મારે મુક્ત કરવા જ રહ્યા."

આવી તો અસંખ્ય ઘટનાઓ છે કે જ્યારે સ્વામીએ પોતાના ભક્તોની વ્યાધિ દૂર કરવા માટે પોતે જ માંદગી ભોગવી છે. આવા અગાધ પ્રેમ અને કરુણાના સાગર આપણા બાબા છે ! આ પ્રેમ અને કરુણા બાબા માત્ર પોતાના ભક્તો પર જ વરસાવે છે એવું નથી પરંતુ સમગ્ર માનવજાત માટે પણ આવો અખૂટ પ્રેમ વહેવડાવે છે. અને જો આપણે એમ માનતા હોઈએ કે આપણી ભીતર પણ આવી જ દિવ્યતા સંચિત છે તો આપણે પણ સ્વામીના આ માર્ગને અનુસરીએ-સર્વ પ્રત્યે પ્રેમ અને દયા-સેવાભાવ કેળવીએ. બાબા કહે છે, "દિવસનો પ્રારંભ પ્રેમથી કરો-દિવસભર પ્રેમમય બની રહો અને દિવસના અંતે પણ પ્રેમનો જ અનુભવ કરો." બાબા કહે છે, "પ્રભુ પ્રત્યેના ઘણા માર્ગો-જેવા કે જપ, ધ્યાન, ભજન વિગેરે. તે સર્વ આડા-અવળા છે પરંતુ સીધો અને સરળ માર્ગ તો પ્રેમનો રહેલો છે. અધ્યાત્મ દર્શનના માર્ગમાં પ્રેમનું જે મહત્વ રહેલું છે તેના પર બાબા વખતો વખત ભાર મૂકતા હોય છે. તેમના એક સંભાષણમાં તેમણે કહ્યું હતું; "પ્રેમ કેળવાય-પ્રેમનું સંવર્ધન થાય એ પણ પૂરતું છે-એવો પ્રેમ કે જેને પોતાનામાં અને અન્યોમાં કોઈ ભેદભાવ નથી..... કારણ કે જગતના સર્વ જીવો એકમાત્ર પરમાત્માના જ અંગ-ઉપાંગો છે. પ્રેમ થકી જ પ્રેમના સ્વરૂપની પ્રાપ્તિ થાય. તેના માટે કોઈ પંડિતાઈ કે વિદ્વતાની જરૂર નથી. હકીકતમાં તો આ પંડિતાઈ કે બૌદ્ધિકતા તો અધ્યાત્મના માર્ગમાં અવરોધરૂપ છે કારણ કે તે તો અહંકારને પોષે છે, શંકા અને સંશયને પેદા કરે છે, કંકાસ અને વિસંવાદિતાની પોષક છે, અને પોતાની જ વિદ્વતા બીજાઓ પર ઠોકી બેસાડવાની ગુરુગ્રંથિ ઉત્પન્ન કરનાર છે."

કેવા સરળ સીધા છતાં જ્ઞાનદાયક અર્થવાહી શબ્દો ! અને કેટલા સાચા ?

ઉપનિષદ કહે છે કે બ્રહ્મ અથવા શુદ્ધ ચેતના જ સમગ્ર સૃષ્ટિના સર્જનના કારણરૂપ છે. શુદ્ધ ચેતનાને લીધે જ અનેકવિધ અનુભવોની પ્રયોગશાળા એવા આ બહુવિધ જગતનું નિર્માણ થયું છે. પરંતુ પરમ તત્વ પ્રેરિત આ બહુવિધતા-અનેકત્વ પરિપૂર્ણતાના મૂળ રૂપમાં કોઈ વિભાજન કરી શક્યું નથી કે નથી કોઈ પરિવર્તન લાવી શક્યું. આ બહુવિધ જગત તો પરિમિત છે અને પરિવર્તનશીલ છે જે આ પવિત્ર શુદ્ધ ચેતના કે પરમબ્રહ્મ તત્વ પર લાદવામાં આવેલ છે; આ ભ્રામક છેતરપિંડીને, એક માત્ર પરમતત્વનું જ્ઞાન જ દૂર કરી શકે અને બ્રહ્મ સત્ય જગત મિથ્યા છે એનું ભાન કરાવી શકે. આ ભ્રામકતા અને છેતરપિંડીના સિંચન અને પ્રસારની પ્રક્રિયા જ આ મૂળાધારને ઢાંકતા આવરણનું કાર્ય કરે છે. અને જે સત્ય છે-નિત્ય છે-વાસ્તવિક છે તેનાથી તદ્દન જ વિપરીત અનુભવોનું દર્શન કરાવે છે. આ ભ્રામકતા તો બ્રહ્મત્વ પર કે પરમ તત્વ પર પોતાના થકી જ લાદવામાં આવેલ છે. સર્વોચ્ચ સ્વત્વ અથવા તો ચેતનાએ દ્રષ્ટિ, આકાર અને નિરાકારનું સ્વરૂપ ધારણ કર્યું છે. જ્ઞાન અને અજ્ઞાન, સત્ અને અસત્, નિત્ય અને અનિત્ય આ સર્વનો મૂળાધાર તો બ્રહ્મ અને ચેતના જ છે. માટીના વાસણોમાં ભલે ને આકાર વિવિધ હોય,

અને કિંમત વિવિધ હોય, રંગ અલગ અલગ હોય પરંતુ મૂળતઃ તો તે માટી જ છે. ઈન્દ્રિયાધિન માનવમન જગતના અનેકત્વ પાછળ રહેલી વાસ્તવિકતાને સમજવા અસમર્થ છે. અને ખરેખર તો અનેકત્વમાં રહેલ એકત્વ-અદ્વૈતતાને સમજવી અતિ મુશ્કેલ પણ છે. પરંતુ તે અગમ્ય પણ નથી. એક બાજુ સૂર્યની સૌરઊર્જા જે અમૂર્ત છે-જેને જોઈ શકાતી નથી તેનાથી જ અન્ન બને છે જે સ્થૂળ છે-જેને આપણે જોઈ કે સ્પર્શી શકીએ છીએ. અન્નની જેમ તે કોલસા કે તેલમાં પણ રૂપાંતરિત થાય છે, તો બીજી બાજુ શરીરના પોષક દ્રવ્યો અને મનની શક્તિમાં પણ તે જ પરિવર્તિત થતી હોય છે. અતિ સુક્ષ્મ એવા અનુવંશિક તત્વોનું શારીરિક અંગ-ઉપાંગોમાં રૂપાંતર થતું હોય છે જે થકી અંતે માનવ આકૃતિ ઉદભવે છે..... આટલું જ જો આપણને સમજાય કે કોઈ પરમ ચેતના જ આ સર્વનું કારણ છે. આટલું જ સમજાય તો અનેકત્વમાં એકત્વ રહેલ છે એમ સમજવું અગમ્ય નથી જ. સમગ્ર સૃષ્ટિનું બીજ તત્વ પણ આ બ્રહ્મત્વ અને ચેતનાશક્તિ જ છે તે જ પ્રમાણે આપણા સ્વતત્વનું ચાલક બળ-જે દ્રષ્ટિમાન નથી એવું પરમ તત્વ પણ બ્રહ્મ અને ચેતના જ છે.

હવે જો બ્રહ્મ અથવા ચેતના, પ્રત્યેક માનવ જીવનમાં વ્યાપક હોય અને મન, બુદ્ધિ અને શરીર જો માત્ર સાધન જ હોય કે જે વડે માયાના આ જગતમાં પરમ શક્તિ કાર્ય કરે છે તો પછી માણસ માણસ વચ્ચે ભેદભાવ શાના માટે ? શા માટે આપણું હૃદય સૃષ્ટિના સર્વ જીવીત જીવાત્માઓ સાથે મળી ન શકે? બાબા પૂછે છે કે શા માટે આપણો પ્રેમ દરેક માનવ માત્રના હૃદયમાં વ્યાપી ન શકે? અને બાબા તેથી જ આપણને બોધ આપે છે કે આપણા અહંકાર-અહંભાવના સ્તરથી ઉપર ઉઠીને આપણા સ્વને ઓળખીએ કે જે સર્વ જીવો સાથે એકત્વ સાધે અને સર્વ પ્રત્યે પ્રેમભાવ અને સેવાભાવ દર્શાવે. બાબાએ આપણી સમક્ષ ત્યાગ અને સેવા એવા બે જોડિયા આદર્શો મૂક્યા છે. પરંતુ બાબા જ્યારે ત્યાગની વાત કરે છે ત્યારે તમારા કર્મો, કર્તવ્યો કે ફરજો ત્યાગવાની વાત નથી, પરંતુ તેના ફળની આસક્તિ છોડવાની વાત છે. આપણને જ્યારે બાબા ત્યાગની વાત કરે છે ત્યારે આપણી સ્વાર્થવૃત્તિ-સ્વલાભની વૃત્તિને ત્યાગવાની વાત કરે છે, નહીં કે આપણી પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાની. ભગવાન બાબા આપણી પાસે સ્વ-વૃત્તિઓનો ત્યાગ ઈચ્છે છે-જગતનો-સંસારનો ત્યાગ કરવાની અહીં વાત જ નથી. બાબાએ આ સૂત્ર પર હંમેશાં જ ભાર મૂક્યો છે “માનવ સેવા એ જ પ્રભુ સેવા” આપણા હૃદયમાં એવી નિ:સ્વાર્થ સેવાના અંકુર ફૂટવા જોઈએ કે એ પરમતત્વની સેવા કે જે પ્રત્યેક જીવથી પર છે છતાં સર્વવ્યાપક છે. બાબાએ આ વિચાર આપણી સમક્ષ બહુ ટૂંકામાં છતાં સુંદર રીતે મૂક્યો છે.

માણસે તો માનવ સ્વરૂપમાં રહેલ પરમાત્માની સેવા કરવાની છે. ઈશ્વર તો કોઈપણ રૂપમાં આપણી સમક્ષ આવે છે-એક અંધ ભિક્ષુકના રૂપે, એક મુર્ખના રૂપમાં, એક બાળકના રૂપમાં કે જીર્ણ-શીર્ણ શરીરધારી વૃદ્ધના રૂપમાં-એક ગુનેગારના રૂપે કે એક પાગલના રૂપમાં. આ બધા પરદાની પાછળ રહેલ પ્રેમ સ્વરૂપ, શક્તિ સ્વરૂપ અને જ્ઞાન સ્વરૂપ સાઈને જોઈને આપણે સાઈની સેવા કરવાની છે.

આ જ વિચારને બાબાએ બીજી રીતે પણ રજૂ કર્યો છે. “ભગવાનને તમારી સેવાની જરૂર નથી; તેમને જરૂર છે જેનામાં તેમનો વાસ રહેલો છે એવા માનવની સેવા કરવાની.

મનુષ્યના હૃદયમાં પરિવર્તન લાવવું એ આ અવતારની સૌથી મહાન અને વિશેષ લાક્ષણિકતા છે. બાબામાં રહેલ આ શક્તિ શ્રેષ્ઠ અને અપ્રતિમ છે. જે કોઈ આ અતિ મહાન અને દિવ્ય અવતારી તત્વના સત્સંગ-સંપર્કમાં આવ્યા હોય તે ખરેખર જ સદભાગી છે. જેઓ આ અતિ તેજોમયી પ્રેમપૂંજ વર્તુળની અસર હેઠળ આવ્યા હોય, આવા અધ્યાત્મિક અને અતિ ગહન વાતાવરણનો જેને લાભ મળ્યો છે તેઓ તો તરત જ પરિવર્તિત થઈ જાય છે. સાક્ષાત અવતારના સાનિધ્યમાં આવનાર હરકોઈને આ અનુભવ થતો જ હોય છે. બાબા-જે દિવ્ય પ્રેમ અને શાંતિના દિવ્ય તરંગો પ્રસરાવે છે તેનાથી મનના ઉદવેગો શાંત થાય છે, સર્વ ચિંતાઓ દૂર થાય છે અને વ્યક્તિ પરમાનંદના સાગરમાં ડૂબી જાય છે.

એવા પણ કેટલાક લોકો દેશમાં કે વિદેશમાં વિના કારણે બાબાના આલોચકો બન્યા છે. તેમના આ અધિકાર માટે મને કોઈ શંકા કે સંશય નથી. તેઓ પોતે એક બૌદ્ધિક અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા હોવાનો દાવો ભલે કરતા હોય પરંતુ તેમની ટીકાઓમાં તર્કબદ્ધતાનો અભાવ જ હોય છે. તેઓ આવા ભગવદીય વ્યક્તિઓનો ન્યાય તોલવા- ન્યાયાસને બેસવાની યોગ્યતા વિશે વિચારતા હોય પરંતુ પોતાની વિચારશક્તિ કે મનોવેશની મર્યાદાનો ખ્યાલ કરતા જ નથી. વિવિધ ક્ષેત્રો, વિવિધ કક્ષાની વ્યક્તિઓને વિધવિધ માનસિક, બૌદ્ધિક અને અધ્યાત્મિક અનુભવ થતા હોય છે. જ્યાં સુધી આપણે પોતે આવા અનુભવોનો સ્વાનુભવ ન કરીએ-પ્રત્યક્ષ સાક્ષી ન બનીએ ત્યાં સુધી આપણે તેવા અનુભવોની સત્યતા કે અગત્યતા વિશે ન્યાય કરવો એ માત્ર ધારણા અને કલ્પના આધારિત જ હોય છે. કહેવાતા બુદ્ધિપ્રધાન વ્યક્તિઓ એવું ધારીને જ બેઠા હોય છે કે તર્કશક્તિ (logic) એજ અનુભવોનું મૂલ્યાંકન કરવા માટે શ્રેષ્ઠ માપદંડ છે, પરંતુ તેઓ ભૂલી જાય છે કે સર્વ સ્તરે-સર્વ કક્ષાએ અને વિવિધ લોકોને થતા અનુભવો માપવા માટે તર્કશાસ્ત્રની મર્યાદા છે.

એવા અન્ય વૈકલ્પિક શક્તિક્ષેત્રો પણ છે જે થકી અધ્યાત્મિક અનુભવોનું મૂલ્યાંકન કરી શકાય અને આપણા સંતો અને મુનિવરોએ આ શક્તિ સાધ્ય કરી જ છે. આવી શક્તિઓની અવહેલના કરવી અને અધ્યાત્મિક અનુભવો તદ્દન ખોટા છે એવા નિષ્કર્ષ પર આવવું તે પણ સદંતર અવૈજ્ઞાનિક જ છે. આ વૃત્તિ ખરેખર તો બૌધિક ક્ષમતાની નકારાત્મક્તાનું દર્શન કરાવે છે અને એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કે આ વૃત્તિ-આ વલણ બુદ્ધિવાદનો ઘમંડ છે. આવા કહેવાતા બુદ્ધિપ્રખર લોકો એ વાત પણ ભૂલી જાય છે કે પ્રકૃતિમાં પણ અતિ ઉચ્ચ નિયમો રહેલા છે જેનો તાગ માત્ર ચેતનાનું વિજ્ઞાન જ મેળવી શકે. પરંતુ મર્યાદિત તર્કશાસ્ત્ર તે ન જાણી શકે તેનો અર્થ એવો ન થાય કે તેનું અસ્તિત્વ જ નથી કે તે અસત્ છે. વિશેષતઃ આવા ટીકાકારોએ નિષ્પક્ષપણે બાબાના જીવનલક્ષ્યોને સમજવાનો પણ કોઈ નિષ્પક્ષ પ્રયાસ પણ આદર્યો નથી હોતો. મારે એ જાણવું છે કે આમાંના કેટલા નિંદકો બાબા પાસે ગયા અને તેમણે તત્વજ્ઞાન અંગે કે અધ્યાત્મ મીમાંસાની ચર્ચા કરી હોય અને વિનમ્રતાપૂર્વક જિજ્ઞાસાવૃત્તિથી તેમની સાથે વાત કરી હોય. સ્વયં બાબા જ કહે છે, મોતી મેળવવા માટે જાતે જ સાગરના ઊંડાણમાં ડૂબકી મારવી પડે. સાગરના કિનારે ઊભા રહી મોજાંઓમાં ડગ માંડવા અને એમ કહેવું કે સાગરમાં મોતી જ નથી-મોતી હોવાની વાત જ

ખોટી, એ કેટલે અંશે સાચું છે? તે જ પ્રમાણે જો અવતારના પુણ્યફળ પ્રાપ્ત કરવા હોય તો ડૂબકી મારો અને સાઈમગ્ન બની જાઓ-સાઈમાં લીન થઈ જાઓ.

બીજા પણ એક પ્રસંગે ફરીવાર બાબાએ કહ્યું છે, “હું શું છું તેનો ખ્યાલ મેળવવો હોય તો દરેક જણે મારી પાસે આવવું જોઈએ અને જાતે અનુભવ મેળવવો જોઈએ. એક પત્થરને જોઈને એમ કહેવું કે 'પર્વત તો આના કરતાં હજારો ગણો મોટો છે' એ પૂરતું નથી. તે માટે તો તમારે પર્વત નજીક-થોડા અંતર સુધી જવું જ પડે.”

બાબાનો સ્વાનુભવ કર્યા વિના તેમની નિંદા કરવી-આલોચના કરવી-કે એવા કોઈ અભિપ્રાય આપવા તે તદ્દન જ અવૈજ્ઞાનિક છે બુદ્ધિગમ્ય નથી. પરંતુ બાબા પાસે આવા નિંદકોને પ્રદાન કરવા પ્રેમ સિવાય અન્ય કાંઈ નથી. તેમના વિશે બોલતા બાબા કહે છે;

“આવા લોકો તો દયાને પાત્ર છે-ધિક્કારને પાત્ર નથી. તેઓને તો કાંઈ સમજ જ નથી. સત્ય પામવા જેટલી ધીરજ તેમનામાં નથી. તેઓ તો ક્રોધ, નિંદા અને ઈર્ષાથી ભરેલા છે. કોઈ વસ્તુને સ્પષ્ટ રીતે જોવા અને જાણવા માટેની ઉત્પ્રેક્ષા તેઓમાં રહેલી છે. અને તેથી જ તેઓ ગમે તેમ લખતા હોય છે. જો તેમનામાં સાચી સમજ કે જ્ઞાન હોત તો તેઓ આવું લખે જ નહીં. આપણે પણ આવી વાતોને કે આવી વ્યક્તિઓના કથનને તમે જે રીતે મનમાં લો છો તેવી રીતે પ્રાધાન્ય ન આપવું જોઈએ. એક દિવસ તો સત્યનો વિજય થશે જ, અસત્ નો ક્યારેય પણ વિજય થતો જ નથી. એવું બને કોકવાર કે અસત્ય સત્ય પર હાવી થાય છે પરંતુ આ વિજય તો અલ્પજીવી છે અંતે તો સત્યનો વિજય જ સ્થાપિત થાય છે.”

“આનો અર્થ એવો પણ છે કે જેઓ મારી સાથે સંકળાયેલા છે તેમને હું કદી તરછોડતો નથી. જ્યારે હું જીવનભર આવા ધ્યેયનિષ્ઠ કર્તવ્ય સાથે જોડાયેલો છું ત્યારે તમને જેની બીક છે-તેમ મારા નામને શા માટે લાંછન લાગે? આવી બેહુદી વાતોને ધ્યાનમાં ન લેવાની હું તમને સલાહ આપું છું.” કોઈ અન્ય વ્યક્તિના મહાત્મા કહેવાથી જ મહાપુરુષો મહાત્મતા પામતા નથી; અને કોઈ તેમને ઓછા આંકે તેનાથી તેઓમાં કોઈ નાનપ હોતી નથી. એવા લોકો જે ગાંજા અને અફીણના વ્યસની છે અને સિદ્ધ યોગી હોવાનો દાવો કરે છે, જેઓ પોતાના ભોગવિલાસ અને ઘમંડ-પાખંડને ન્યાયયુક્ત ઠેરવવા માટે શાસ્ત્રોનાં કથનોનો ઉલ્લેખ કરતા રહે છે, એવા કહેવાતા જ્ઞાની પુરુષો કે જેઓ વિવાદ-વિતંડાવાદ અને દલીલ-ચાતુર્યનો આનંદ મેળવે છે તેવા લોકો જ આવી પ્રશંસા કે ટીકા-નિંદાથી વિચલિત થશે.

તમે ઘણા સંતો અને મહાપુરુષોના જીવન ચરિત્રો વાંચ્યા જ હશે; તો તેમાં તેઓની ઉપર ઘૃણાસ્પદ દોષારોપણ કરવામાં આવ્યા હોય છે. બધી જ જગ્યાએ મહાત્માઓના નસીબે આવા યશ અને અપયશ લખાયેલા જ હોય છે. તો પછી તમે આવી બાબતોને શા માટે મનમાં લો છો?

બાબા એક ધ્યેય સાથે આ ધરતી પર અવતર્યા છે. એ ધ્યેય છે પ્રેમના માધ્યમથી માનવજગતને પરમઆનંદ અને પરમસુખની પ્રાપ્તિના માર્ગે દોરી જવો. બાબા સતત આ ધ્યેયલક્ષી પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા હોય છે. અને અનેક માર્ગે આ કાર્ય કરી રહ્યા હોય છે. આવતીકાલની પેઢીના નાગરિકોમાં અધ્યાત્મિક શક્તિનું સિંચન થાય, તેના ચારિત્ર્યનું ઘડતર થાય, તેઓને ભારતીય સંસ્કૃતિની મહાનતાનું ભાન થાય અને તેઓ આપણા અધ્યાત્મિક સંપત્તિના સાચા વારસદાર બને એ હેતુથી

બાબાએ શૈક્ષણિક સંસ્થાઓનું સ્થાપન કર્યું છે. કોલેજ અને યુનિવર્સિટીમાં અપાતા અભ્યાસક્રમોની પૂર્તિ અર્થે સ્વામી ગ્રીષ્મ શિબિરોનું પણ આયોજન કરે છે. પોતાના અદભુત પ્રવચનો દ્વારા લોકોને અધ્યાત્મ માર્ગે વાળવાનો જાગૃત પ્રયત્ન બાબા કરી રહ્યા છે. તે ઉપરાંત પોતાના વ્યક્તિત્વ અને સાનિધ્યના માધ્યમથી અસંખ્ય સ્ત્રી-પુરૂષોના જીવનમાં પરિવર્તન બાબા લાવે છે. બાબા એવા અવતાર છે જે પોતાની દિવ્યતા વિશે સજાગતા ધરાવે છે અને તેમનું પોતાનું જીવન પણ દિવ્યત્વનેં ઓપ આપી શકાય તેવી રીતે જીવે છે. બાબા પોતાના સંકલ્પ અનુસાર જ પદાર્થોનું નિર્માણ કરે છે અને આવા અસંખ્ય ચમત્કારોના માત્ર સામાન્ય સ્ત્રી પુરુષો જ નહીં પરંતુ વૈજ્ઞાનિકો અને બૌદ્ધિકો પણ સાક્ષી બન્યા છે. પરંતુ બાબા પોતે જ કહે છે કે પોતાના અવતાર ધ્યેયની સિદ્ધિ માટે આજે ચમત્કારોની કોઈ અર્થપૂર્ણતા નથી જ. તેમનો સાચો સંદેશ તો એ છે કે પ્રત્યેક વ્યક્તિ પોતાનામાં રહેલ દિવ્યત્વનેં પિછાણે અને પ્રેમ અને ભક્તિના રાહ પર જીવન વિતાવે. સ્વયં બાબાએ જ ઉચ્ચારેલ શબ્દો સિવાય એનાથી વિશેષ તો હું કંઈ જ કહી ન શકું. બાબા કહે છે:

“તમે સૌએ લોકોને મારા ચમત્કારો વિશે, (કોઈકને આપવાના, કોઈક પાસે લેવાના), તેમની ઈચ્છાઓની પૂર્તિ થવા વિશે, તમારી માંદગીમાંથી સાજા કરવા વિશે વાતો કરતા સાંભળ્યા જ હશે. પરંતુ તેનું મહત્વ સત્વગુણ (દઢતા, પવિત્રતા અને નિઃસ્વાર્થતાની અધ્યાત્મની વૃત્તિ) જે હું પ્રોત્સાહિત કરું છું, જે હું તમારામાં રોપી રહ્યો છું તેના જેટલું તેનું મહત્વ નથી. અલબત્ત તમારા આરોગ્ય અને ઉત્કર્ષ માટે મારા આશીર્વાદ વરસાવું છું કે જેથી વધારે ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક, ઓછામાં ઓછી મુસીબતો વચ્ચે તમે તમારી સાધનાના માર્ગે પ્રગતિ કરી શકો.”

આવો, આપણે સૌ બાબાએ ચીંધેલ સાધનાના માર્ગે આગળ ને આગળ વધીએ અને મને શ્રદ્ધા છે બાબાની દિવ્ય કૃપાથી આપણે આપણા અંતિમ પડાવ સુધી સફળ યાત્રા કરીશું અને બ્રહ્મ અથવા ચેતનાનો સાક્ષાત્કાર કરીશું જ.

**સ્ત્રોત:- ગોલ્ડન એજ ૧૯૭૯**

(લેખક - ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ હતા. ભગવાનની સેવાયાત્રાના સહભાગી તરીકે શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટી પણ હતા અને શ્રી સત્ય સાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ હાયર લર્નીંગના ઉપકુલપતિ પદે પણ રહ્યા હતા.)

*ઈશ્વર બુધ્ધિગમ્ય નથી કે નથી તે સામાન્ય રીતે ઈન્દ્રિયો વડે સમજાય તેવો; પરંતુ જે ભક્ત ઈશ્વર પ્રત્યે એટલો આસક્ત થાય છે કે તે ઈશ્વરમાં એકરૂપ થવા અત્યંત ઉત્કંઠા સેવે છે, તેવા ભક્તને ઈશ્વર આસાનીથી મળે છે. આવું કેમ ? આવા ભક્તો જેમ દુન્યવી ચીજો પ્રાપ્ત કરે છે તેટલીજ સહજતાથી તેઓ ઈશ્વરને પણ મેળવે છે. ઈશ્વર નિરાકાર છે – એટલે કે તે કોઈપણ સ્વરૂપ કે આકાર ધારણ કરી શકે છે. ઈશ્વરના અનંત સ્વરૂપો છે. તો પછી, 'તે' ભક્તને ક્યા સ્વરૂપમાં દેખાઈ દે છે. ભક્ત, ઈશ્વરના જે સ્વરૂપને પામવા અત્યંત વ્યાકુળ હોય છે – એવુ સ્વરૂપ કે જે ભક્તને ઉચ્ચતમ સંતોષ અને આનંદ આપનારૂ હોય – તેજ રૂપમાં ઈશ્વર પોતાને પ્રગટ કરે છે. આ સ્વરૂપો એજ 'એના' અવતારો. ઈશ્વર જ્યારે પોતાની જાતને આવી રીતે પ્રગટ કરે છે ત્યારે તે પોતાની જાતને મર્યાદિત નથી રાખતા. એ આવા અવતારમાં પૂર્ણ રીતે હાજર હોય છે. તે દરેક અવતારમાં એમની પૂરી તેજસ્વિતા સાથે પ્રગટ થાય છે.*

**–ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

મે–૨૦૨૧ ના અંકથી ચાલુ

# ભગવાન શ્રી સત્ય સાઈબાબા સાથેના મારા અનુભવો

ડો. ગોતેતી સરસ્વતી.

રાજમુંદ્રી (રાજા મહેન્દ્રવરમ)માં ૧૯૬૩માં સ્વામી આવેલા અને શ્રીરામારાવના મકાનમાં રોકાયેલા. મારો નાનો ભાઈ કલકત્તા (કોલકટા)થી એમ.બી.બી.એસ.પાસ કરી હમણાં જ આવેલો. તેણે અને મેં, બીજી એક છોકરી જોડે એક હોટેલનો રૂમ રાખેલો અને ત્યાં પાંચ દિવસ રોકાયેલા. મારા ભાઈને કલકત્તામાં અજીત મુખર્જી નામનો એક મિત્ર હતો. મારા ભાઈનું નામ લિન્ગામુર્થી છે. સ્વામીએ મારા ભાઈને બોલાવ્યો અને કહ્યું, "લિન્ગામુર્થી અજીતને એક તાર અહીં આવવા માટે મોકલી આપ. અજીત કલકત્તામાં હતો. તેણે સ્વામીને ક્યારેય જોયેલા નહીં. શા માટે સ્વામી તેને બોલાવી રહ્યાં હતાં? રોમાંચિત બની ભાઇએ મને કહ્યું, "બહેન, સ્વામીએ અજીતને અહીં આવવાનું કહ્યું છે". તેણે તાર મોકલી આપ્યો. તે જ રાત્રે અજીત મેઈલ ટ્રેઈનમાં બેસી ગયો, અને બીજી જ સવારે આવી પહોંચ્યો. તેને રામારાવના મકાને લઈ જવામાં આવ્યો. સ્વામીએ તેની જોડે વાત કરી અને મહાવિષ્ણુ, શિરડી સાંઈ અને સત્ય સાઈની છબી વાળુ મોટુ લોકેટ આપ્યું. તેમણે તેને કહ્યું, "હંમેશા તારા પાકિટમાં આ લોકેટ રાખજે. તેને બહાર કાઢતો નહિ. આ તારા માટે ખુબ જ મહત્વનું છે". અને તેમણે અજીતને પાછો મોકલી આપ્યો. જેવો તે કલકત્તા પહોંચ્યો કે લશ્કરમાં જોડાવા માટેનો નિમણૂક પત્ર તેના માટે તૈયાર પડેલો હતો. સ્વામીએ તેને રક્ષણ આપેલું.

આપણે સ્વામીને મર્યાદિત કે સીમિત બનાવી શકીએ નહીં. તેઓ ઈશ્વર છે, અને બધું જ નિહાળે છે અને બધા જોડે વાત કરે છે. ૧૯૬૩ માં આ બનેલું.જો આપણે પીવાના પાણીનો એક પ્યાલો જોઈતો હોય તો ગોદાવરી નજીકના લોકો 'પા આનો' ચાર્જ લેતા. (૧ આનો=૪ પૈસા) એટલે કે એક પૈસો લેતા. મને ખબર નથી કે હાલના સમયે તેના કેટલા પૈસા થાય. અમારે પાણી ખરીદવું પડતું અને પાણી પીતા. કહેવાનો અર્થ એ કે ત્યાં ઘણાં બધાં લોકો હતા. ત્રીજા દિવસે તેઓએ સ્વામીની સભા સ્ટેડીયમ પર રાખેલી. માર્ગમાં રેલવે ક્રોસિંગ (ફાટક) આવતું હતું. પોલીસે નમ્રતાથી કહ્યું, "સ્વામી, અમે લોકોના ટોળાને નિયંત્રિત કરવા માટે અશક્તિમાન છીએ. તેનાથી દોડધામ કે પડાપડી મચી જશે". સ્વામીએ કહ્યું, "તમારે કશું કરવાની જરૂર નથી. હું કરી લઈશ". રામારાવના મકાનની પાછળ એક વિશાળ મેદાન હતું. રામારાવના મકાનની નજીકથી સ્વામી ઉપર ચઢી ગયા અને તે સભાને તે મેદાનમાં રાખવામાં આવી. પોલીસના લોકો પણ ત્યાં આનંદથી તેમને સાંભળતા બેઠા. ઘણા બધા લોકો હતા, છતાં કશું બન્યું નહિ.

**<u>સ્વામીની અમલાપુરમની મુલાકાત.</u>**

૧૯૬૪માં સ્વામી ભદ્રાચલમ તરફ ગયા. હું માંદી હોવાથી ગઈ નહીં. ૧૯૬૫માં તેમણે અમલાપુરમમાં અમારી મુલાકાત લીધી જેના વિશે મારે તમને કહેવું જોઈએ. અમે સ્વામીને બોલાવવાનું ચાલુ રાખેલું. "મહેરબાની કરીને આવો, મહેરબાની કરીને આવો" અને તેમણે એવું કહેવાનું ચાલુ રાખ્યું, "હું આવીશ, હું આવીશ". આખરે ૧૯૬૫ માં તેમણે કહ્યું કે, તેઓ આવવાના

છે. તેમણે કહ્યું, "હું એક કે બે દિવસ રોકાઈશ". મેં અહીંથી ભક્તજનોના એક જૂથને મોકલ્યું. કેટલીક વ્યક્તિઓએ મને ટકોર કરી. "તમે કોને મોકલ્યા? એક જણ પાસે ફેન્સી સ્ટોર છે, બીજા એક પાસે મીઠાઈની દુકાન છે, બીજા એક પાસે બીજી કોઈક દુકાન છે. અને મેડમ ડૉકટર તમે આવા બધા લોકોને સ્વામીને આમંત્રણ આપવા માટે મોકલ્યા? શું સ્વામીને બોલાવવા માટે તમે તે સ્તરના છો? સ્વામીને મેં આમંત્રણ આપતો પત્ર મોકલેલો અને સ્વામીએ તે જૂથને કહ્યું કે તેઓ આવવાના છે! સીતા રામૈયાએ કહ્યું, "આ શું છે? તમે આવા લોકોને મોકલ્યા?" મેં તેમને પ્રત્યુત્તર આપતા કહ્યું, "મારી પાસે ત્યાં મોકલવા માટે બીજું કોણ છે? તેઓ આવતા જ હશે". સ્વામી ત્રણ દિવસ માટે વિઝાગ તરફ ગયેલા.

મારો નાનો ભાઈ આવેલો હતો. તેણે હજુ પોતાની પ્રેકટીશ શરૂ કરી નહોતી. અને બીજા એક દવાખાનામાં કામ કરી રહ્યો હતો. મેં તેને સ્વામીને ગાડીમાં લાવવા માટે કહ્યું. ગાડીઓને દૌલેશ્વરમના ચેકડેમના માર્ગે જવા દેવામાં આવતી. તે વખતે ગોદાવરી નદી પર પુલ બંધાયેલ નહતો. માત્ર એક માર્ગી (વન-વે) ટ્રાફીક બની જતો. તેણે દૌલેશ્વરમ આગળથી બીજા એક માર્ગે ગાડી લીધી, અને સ્વામીની પ્રતિક્ષા કરી રહ્યો હતો. સ્વામી રાત્રિના ૧૦-૩૦ કે ૧૧-૦૦ વાગ્યે આવ્યા, વિઝાગ નજીકના સીમા પરના નાનકડા શહેર પરથી આવ્યા. તે બિચારો ગાડીમાં બેઠેલો અને ઝોકા ખાતા ખાતા ઊંઘી ગયેલો. ''લિન્ગામુર્થિ ઉઠ''. સ્વામીએ તેને જગાડ્યો, અને કારમાં બેઠા અને અહીં આવી પહોંચ્યા. તે રાત્રિના એક વાગ્યે ઘેર પહોંચેલો. જેવા તેઓ આવ્યા કે તરત જ સ્વામીએ કહ્યું, "ખાવાનું શું છે? આ બધા લોકો આવ્યા છે. ખાવા માટેશું મળી શકે તેમ છે?". "ખાવાનું શું હોય સ્વામી? જમવાનું બનાવી દેવાશે". "રાત્રિનો એક વાગ્યો છે. ના ભોજન નહિ પણ દરેક જણ માટે ઉપ્પીંડી બનાવો". તે પ્રદેશમાં ઉપમાને ઉપ્પીંડી કહેવામાં આવતું. ઉપમા તૈયાર કરવામાં આવ્યો અને સાથે સાથે કોફી વગેરે બનાવેલા. દરેકે સરસ રીતે ખાધુ. તેઓ કેવી રીતે સુઇ ગયા તે જુઓ રાજા રેડ્ડી મારા ખંડથી થોડા ડગલા આગળ પરશાળમાં સુઈ ગયા. મારો ઓરડો સ્વામીને આપવામાં આવેલો. સવારમાં વહેલા મેં જોયું, તેઓ સૌ ઊંઘી રહ્યાં હતા. જ્યારે તેઓ સ્વામી જોડે હતા ત્યારે આખો દિવસ લાંબી ગંભીર ચર્ચાઓ ચાલતી અને રાત્રિ દરમ્યાન મુસાફરી કરતા. સ્વામીએ કહેલું, "હું અમલાપુરમ આવી રહ્યો છું, સમગ્ર કોનાસીમા દાકતરના શિષ્યો કે ગ્રાહકોથી ભરેલું છે. દરેક જણ મને મળવા માટે આવશે. તેણીના માટે તેનાથી મૂશ્કેલી ઉભી થશે અને મારા માટે પણ.હું ત્યાં આરામ અને શાંતિ માટેઆવી રહ્યો છું". જેવા તેઓ આવી પહોંચ્યા કે તરત જ મને સંદેશો મોકલી આપેલો. ચોક્કસપણે અમે તે રીતે તૈયારી કરેલ. બધા જ ભક્તજનોની એક મીટીંગ બોલાવી. હું તેઓને છોકરાઓ કહીને બોલાવતી. બધા મારા કરતાં નાના હતા. મીટીંગ હાઈસ્કૂલના મેદાનમાં રાખેલી. ગર્લ્સ ગાઈડ (કન્યા માર્ગદર્શક) અને કિશોર સ્વયંસેવકો (બોઈઝ સ્કાઉટ) ને બધી તૈયારી કરવા માટેની તાલિમ આપેલી. જ્યારે સ્વામી - એ વિશાળ મેદાનમાં આવ્યા ત્યારે હું આચાર્યને મળેલી. આ પહેલા તો રાજામહેન્દ્રવરમમાં બીજા દિવસે દોડધામ કે પડા-પડી થયેલી. ત્રીજા દિવસે સ્વામીએ તેઓને

નિયંત્રિત કર્યા. અમારે ખાતરી આપવી પડેલી કે આવી દોડધામ અથવા પડાપડી નહીં થાય. અમારે દરેક વસ્તુ એવી રીતે કરવાની હતી કે સ્વામી ખુશ થાય અને તે મેદાન થોડાક દિવસ અગાઉથી તૈયાર કરવાનું ચાલુ રાખેલું. અમે એક પણ મજૂરને કામ પર રોક્યો નહોતો. માત્ર થોડાક યુવાનોએ તે કામ કરેલું. એ રીતે મેદાન તૈયાર કરવામાં આવેલું.

તે વખતે ઘણી બધી સમિતિઓ ન હતી, અંબાજીપેટ, અન્નાવરમ્ અને અમે (અમલાપુરમ) હતા. અમે રાત્રિના અગિયાર વાગ્યા સુધી સેવા આપતા. અમે બેરીકેડ્ઝ વડે ભાગ પાડેલા. દરેક વસ્તુ સુંદર રીતે કરવામાં આવેલ. આખરે સ્વામી રાત્રિના એક વાગ્યાની આસપાસ આવી પહોંચેલા. આગળના ભાગમાં ખાલી જગ્યા રાખવામાં આવેલી. દરેક ઘરની સામે તાજગીપ્રદ શરબત સ્થળો (જ્યુશ સ્ટેશનો) ઉભા કરેલા. તેઓએ દરેકને તાજગીદાયક પીણા આપ્યા. જેમ કે શેરડીનો તાજો રસ, ત્રણ દિવસ પૂરો પાડેલ. કોઈને સાદુ પાણી પીવુ પડેલું નહિ. મેદાન પણ તે રીતે જ તૈયાર કરવામાં આવેલું. "કોઈ પણ રીતે સભા ગોઠવવાની હતી, ખરુને?" સ્વામીએ કહ્યું, "હું મારા લોકોને અહીં આવવાની છૂટ નહીં આપુ, તમારે પણ તમારા લોકોને અહીં લાવવાના નથી''. તેથી અમારા ઘરમાં આવવાની પરવાનગી કોઈને પણ અપાઈ નહોતી. માત્ર સ્વામી અને જે લોકો તેમની જોડે આવેલા, તેઓ જ ત્યાં હતા. મારા કાકી, દરવાજા સુધી આવેલા. ત્યાંથી તેઓ મને બોલાવી રહ્યાં હતાં. "સરસ્વતી, દરવાજો ખોલ તેઓ મને અંદર પ્રવેશવા દેતા નથી". જો તેણી મને જોઈ જાય તો, તેણી કદાચ મને બોલાવે. તેથી હું અંદરની બાજુએ જતી રહી. કોઈને પણ અંદર આવવાની છૂટ નહોતી. મારા લોહીના સગાઓને પણ નહિ, નજીકના સગા-સંબંધીઓને પણ નહિ. માત્ર સ્વામીના અનુયાયીઓને જ.

ત્યાં એવી રીતે બેરીકેડ્ઝ (અવરોધકો) લગાવેલા, જેથી કરીને સ્વામી મધ્યમાં ફરી-ફરી શકે અને સૌને દર્શન આપી શકે. ઘરમાંથી બધી જ રેશમી સાડીઓ લઈ પાછળના રસ્તાથી લઈ, છેક હાઈસ્કૂલ સુધી સુંદર રીતે પાથરી દીધેલી. સ્વામી ત્યાં ગયા પછી આશરે પંદરેક મીનીટ્સમાં બધી જ સાડીઓ મારી પાસે પાછી આવી. અમારા માટે ત્યાં જવા માટેની કોઈ જગ્યા જ નહોતી. સ્વામીએ આ જોયું અને કહ્યું, "શું તમે પાગલ છો? તમે તમારા માટે પહેરવાની એક પણ સાડી રાખી છે ખરી ? તમે તો બધી જ સાડીઓ અહીં પાથરી દીધી. જેવો હું પસાર થાઉ કે તરત જ બધી સાડીઓ અહીંથી હટાવી દો !"

ગોગીનેની વેંકટેશ્વર રાવ, અબરખની ખાણના એક મોટા કારોબારી હતાં તેઓ પણ ત્યાં આવેલા. સ્વામી તેમની કારમાં હતાં અને રાવ પોતે ડ્રાઈવ કરીને સ્વામીને લાવેલા. સ્વામીએ એક અલગ વ્યવસ્થા પોતાના માટે ઉભી કરવા મને કહ્યું, અને તે મેં કરી. હું જાગૃત થાઉ તે સમય દરમ્યાન તે દિવાલ પર નિસરણી મૂકીને ચઢી રહ્યાં હતાં. "એય ! ભાઈ તમે ત્યાં ઉપર શું કરી રહ્યાં છો? તેમણે કહ્યું, "તમે સ્વામીને હાઈસ્કૂલ સુધી કઈ રીતે લઈ જશો? હું એવો છુપો રસ્તો શોધુ છું કે જ્યાંથી લોકોના ટોળા વગર આપણે ત્યાં જઈ શકીએ. મેં કહ્યું, "તમારે શોધવાની જરૂર નથી. મહેરબાની કરીને નીચે આવો. હું તમને કહીશ". તે રીતે અમે આ માર્ગે જવાનો અને તે જ રસ્તે

પાછા ફરવાનો રસ્તો ગોઠવ્યો જેથી લોકો માગર્ને અવરોધે નહિ. આમ, અમે સરસ વ્યવસ્થા કરી. ત્રીજા દિવસે સ્વામી જ્યારે ભોજન લઈ રહ્યાં હતાં, ત્યારે આ રસ્તો લોકોથી ભરાઈ ગયો. તેઓ ત્યાં ઉભેલા અને તેમને દર્શન આપવા માટે "ગોવિન્દા, ગોવિન્દા" એવી બુમો પાડતા. તેઓ ઉઠ્યા, મેં પુછ્યુ, "સ્વામી ભોજન લીધા વિના શા માટે ઉઠી રહ્યાં છો...?" "જુઓ, તેઓ ગોવિન્દા, ગોવિન્દા, તેમનો અવાજ બેસી જાય ત્યાં સુધી બૂમો પાડી રહ્યા છે, શું મારે તેમને દર્શન ન આપવા જોઈએ?" હાથ ધોઈને તેઓ અગાશીમાં ગયા અને દર્શન આપ્યા. તેમણે આ રીતે લોકોને ત્યાંથી દર્શન દીધા. ત્રીજા દિવસે તેઓશ્રી અગાશી પર ચઢી ગયા તે વખતે ગામમાં શમિયાણા જેવી કોઈ વ્યવસ્થા નહોતી. આ તો સાવ પ્રાથમિક તબક્કાની સુવિધા હતી. સફેદ કાપડમાંથી બનાવેલી નાની નાની ધજાઓ હતી. આ સિવાય બાલ્કનીમાં કશું જ નહોતું. સ્વામી તડકામાં ઉપર ચઢ્યા અને ત્યાંથી એકઠા થયેલા લોકોને સંબોધવા લાગ્યા. મારા મોટા પુત્રે અને બીજાઓએ સ્વામી જ્યાંરે બોલી રહ્યાં હતાં ત્યારે તેમના ઉપર ચાર કેળના મોટા પાન પકડીને ઉભા રહ્યાં. તેઓ તેમની બાજુમાં ઉભા રહીને નાળિયેરીના પાનથી તેમના માટે છાંયો બનાવી રહ્યાં હતાં ! સ્વામીએ મને કહ્યું તમે જોયું? અહીંયા હું પાંચ વખત બોલ્યો બીજા બધા સ્થળે માત્ર બે જ વાર બોલ્યો છું. આભારવશ બની મેં કહ્યું, "હું ખુબ ખુશ છું, સ્વામી" મેં કૃતજ્ઞતા સાથે કહ્યું.

**<u>નમ્ર ભક્તજનો પર દિવ્ય પ્રેમની વર્ષા.</u>**

સ્વામી અહીં ત્રણ દિવસ રહેલા અને ચોથા દિવસે તેમણે આગળની મુસાફરી શરૂ કરી. "ચાલો જઈએ !" મારો ભાઈ ગાડી ચલાવતો હતો. હું તેની બાજુમાં બેઠેલી. સ્વામી પાછળની બેઠક પર હતા. જ્યારે અમે ઉપડવાના હતા ત્યારે મેં વિનંતી કરી, ''સ્વામી છોકરાઓ (સ્વયંસેવકો)એ ખૂબ જ સખત મહેનત કરી છે, મહેરબાની કરીને તેઓને નમસ્કાર અને પ્રસાદમ્ આપો. સ્વામીએ કહ્યું, " તમે છેલ્લી ઘડીયે આ પણ રાખ્યું છે. જુઓ, હવે સમય નથી". રાત્રિના નવેક વાગેલા તેથી તેમણે વિભુતિના પડીકા બહાર કાઢ્યા અને કહ્યું, "આ દરેકને વ્હેંચી દો". મેં ત્રણ દિવસથી ખાધેલું નહોતું. અમે ન તો ભોજન કરેલ, ન તો ઊંઘ લીધેલ. ખોરાકની જરૂર નહોતી. અમે જ્યારે સ્વામી જોડે હોઈએ, ત્યારે અમારે ખોરાકની શી જરૂર? તેથી હું ગાડીમાં બેસી ગઈ, સ્વામીએ કહ્યું તમે જે રીતે આવેલા હોય તે જંકશને ગાડી જવાદો (જંકશન એટલે જ્યાં મોટા રસ્તાઓ કે રેલવે સ્ટેશન મળે તેવું સ્થળ) તે જંકશને ડાબી બાજુ વળી મુખ્ય રસ્તા પર પહોંચાશે, ત્યાર બાદ અંબાજીપેટ અને બીજુ બધુ આવશે". એકવાર અમે ત્યાં પહોંચ્યા કે સ્વામીએ કહ્યું, "લિન્ગામૂર્થિ ! જમણી તરફ વાળો, ડાબી તરફ નહીં." મેં પૂછ્યું "ક્યાંથી જમણી તરફ વાળવાની". સ્વામીએ કહ્યું, "ચૂપચાપ બેસો". હું શાંતિથી બેસી રહી. સ્વામી નિર્દેશો આપતા રહ્યાં અને મારો ભાઈ વાહન ચલાવતો રહ્યો. "આપણે પંડિતના ઘરે જઈશુ" સ્વામીએ કહ્યું. તેઓ કોના મકાનની વાત કરી રહ્યા હતા. ત્યાં એક પ્રેસ (છાપખાનું) હતું. અપ્પણ્ણા શાસ્ત્રી, પ્રશાંતિ વિદ્વાન મહાસભાના સદસ્ય હતાં. તેમના ઘેર ગયા પછી સ્વામી પ્રેસ જોવા ગયા. તેઓએ તેમને ક્યારે બોલાવેલા? ક્યારે તેઓએ બધું તૈયાર રાખેલું? આ બધું હું કાંઈ જાણતી નહોતી. મને એ પણ ખબર નહોતી કે તેમનું ઘર ક્યાં

આવેલું હતું. અપ્પણ્ણા શાસ્ત્રી એક મહાન વિદ્વાન હતા. તેઓનો એક પ્રેસ હતો. મને તે રસ્તાની ખબર નહોતી. "હું તમને કહીશ, જવાનું ચાલુ રાખો" તેમણે કહ્યું, "આ રસ્તે વાળો, તે રસ્તે વાળો" તેમણે કહ્યું અને આખરે કાર થોભી ગઈ. અમને ત્યાં રાહ જોવાનું કહી- (મારો ભાઈ અને હું) સ્વામી ઉતાવળે અંદર ગયા. તેઓને નમસ્કાર આપ્યા. પ્રેસ પર આશીર્વાદ આપ્યો અને જ્યારે તે પાછા ફર્યા ત્યારે મોટી પુત્રવધુએ સ્વામીના હાથમાં બે કેળા રાખી દીધા. પોતાના હાથમાં બે કેળા લઈ સ્વામી આવ્યા. જેવા કારમાં પ્રવેશ્યા કે તેમણે મારા ભાઈને કહ્યું, "લિંગમ તું ભૂખ્યો છેને?" "હા સ્વામી", "આ બે કેળા ખાઈજા". અમને ઘરે ખાવાનો સમય નહોતો. તેમણે તેને બે કેળા ખવડાવ્યા. અમારે ત્યાંથી પાછા આવવાનું હતું, અને અંબાજીપેટ અને ત્યાંથી આગળ જવાનું હતું. "અંબાજીપેટને સ્પર્શ્યા વિના શું તમે મને મુખ્ય રસ્તે-રાજા મહેન્દ્રવરમ રોડે લઈ જઈ શકશો?" તેમણે મને પૂછ્યું. "હા, સ્વામી હું તમને લઈ જઈશ". મે કહ્યું. અને ઘણા બધાં ઉબડ-ખાબડ રસ્તા પરથી મુખ્ય રસ્તા પર પહોંચ્યા. "બાપરે ! શું તમે આ બધા રસ્તે ફરેલા?" તેમણે પૂછ્યું. "હા, સ્વામી આ બધાજ રસ્તે દર્દીઓ માટે હું ફરેલી છું". અમે આ રીતે ચારેક માઈલ ગયા ને ત્યાં, ગામડામાં એક વડિલે નાનું એવું 'અગ્રાહરમ' વેદિક પંડિતો માટે બાંધેલું. સ્વામીએ પહેલેથી પોતાની ગાડીઓ અને બીજાઓને રાજા મહેન્દ્રવરમ મોકલી આપેલા. અમારી ગાડી તો નાનકડી સ્ટાન્ડર્ડ ૧૦ (દસ)ની ગાડી હતી. આ બધી મુસાફરી તે ગાડીમાં જ થયેલી. જેવા અમે સીતારામાપુરમ્ અગ્રાહરમ પાસે પહોંચ્યા કે તેમણે ગાડી થોભાવવાનું કહ્યું. સ્વામી પાસે એક વિશાળ પાંચ સેલ વાળી ટૉર્ચ (હાથબત્તી) હતી. તેમણે તે બત્તી લીધી અને પથ્થરની ધારી વાળા રસ્તા પરથી નીચે ઉતર્યા. મેં તેમને જોયે રાખ્યા. તે ક્યાં જઈ રહ્યાં હતાં? તેમણે પથ્થરની ધારી બાજુના રસ્તા પર નીચે ઉતરી તે હારમાં રહેલા છેલ્લા મકાન આગળ ઉભા રહ્યાં. સ્વામી નીચે હતા, એક સ્ત્રી ઉપરથી નીચે આવી અને સ્વામીને આરતી આપી (આરતી ઉતારી) કોલ્લુરી સોમશેખર શાસ્ત્રી પણ પ્રશાંતિ વિદ્વાન મહાસભાના સદસ્ય હતા. તેમની પત્ની અપંગ હતી બિચારી ! તેણી પુટ્ટપર્થિ આવતી અને દસેક દિવસ રોકાતી. તેણી મારી સાથે નજીકથી ચાલતી અને હું તેની પોતાની પુત્રી હોવું તેવો વ્યવહાર કરતી. તેણીએ સ્વામીને ક્યારે કહ્યું? ક્યારે સ્વામીએ તેણીને તારીખ આપેલી? જેવા સ્વામી ત્યાં ગયા, તેણીએ સ્વામીને આરતી આપી. સ્વામીએ તેણીને નમસ્કારમ આપ્યા અને ગાડીમાં પાછા બેસી ગયા. પાછળથી તેણીએ કહ્યું, "સ્વામીએ મને કહેલું, પુટ્ટપર્તિ આવવાનો સંઘર્ષ કરશો નહિ. તમારે ઘેર જ શબરીની જેમ મારી પ્રતિક્ષા કરો. હું મારી જાતે આવીશ અને તમને દર્શન આપીશ.

સ્વામીએ આ પ્રમાણે તેણીને કહેલું, તેથી તેણીએ પુટ્ટપર્તિ જવાનું બંધ કરેલ અને તેણીની પાસે સ્વામી ગયા ! તેણીએ ખરેખર શબરીની માફક સ્વામીની પ્રતિક્ષા કરી હતી.

(લેખક, વ્યવસાયે સ્ત્રીરોગ નિષ્ણાંત અને પાંચ દાયકા કરતા વધારે સમયથી ભગવાનના ભક્ત હતા.)

**કેટલાક કહે છે કે Knowledge is Power પણ યાદ રાખો, ચારિત્ર્ય એજ Power છે.**

# સર્વજ્ઞને ઓળખો

## અવતારવાણી

"પ્રાર્થનાના માધ્યમથી તમે ભગવાનની કૃપા જીતી શકો છો. પ્રાર્થના તમને ઈન્દ્રિયોની ગુલામીમાંથી બચાવે છે. જ્યારે તમે ભગવાનની સ્તુતિ કરો છો અને એવું અનુભવો છો કે તમે એમની ઈચ્છાથી જ ચાલો છો, ત્યારે તમે ગુસ્સો, ચિંતા, પૂર્વગ્રહ અને ઈર્ષ્યામાંથી મુક્ત થશો. આ ક્ષણિક આવેગ તમારી શારીરિક અને માનસિક તંદુરસ્તીને નષ્ટ કરે છે. જ્યારે જ્યારે તમે લોભ અને અસંતોષ અનુભવો ત્યારે તમારી લાગણીને વશમાં રાખવા પ્રયત્ન કરો. એનો ઉપચાર કોઈ માંદગીનો ઉપચાર કરતા હો, એ રીતે કરો, ઈલાજ શોધી કાઢો અને એને જીતી લો."- આ વાત હૈદ્રાબાદ ખાતે એપ્રિલ ૧૯૭૩ માં ભગવાને પ્રવચન દરમ્યાન કરી હતી.

**સ્વર્ગીય શાંતિ તમારી અંદર જ છે.**

દરેક માનવીઓ તેમને ફાળવવામાં આવેલા કિંમતી વર્ષોને ભયાનક રીતે વ્યર્થ વ્યવસાયોમાં વેડફી રહ્યા છે: જેમ કે કોઈકની પ્રશંસા કરવામાં, પોતાના હિતોને આગળ ધપાવવામાં, કોઈ પણ ભોગે સત્તા, પદ કે ધન વગેરે વધાર્યા કરવામાં, બીજાઓને બદનામ કરવામાં, અન્ય વ્યક્તિની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવામાં, સારી બાબતોની નિંદા કરવામાં, ખરાબ બાબતો તરફ લલચાવવામાં, વ્યર્થ અથવા બેજવાબદાર રીતે વાતો કરવામાં, દ્વેષની આગને વળગી રહેવામાં, કાદવ ઉછાળ કરવામાં, ઉતાવળિયે કરેલ ઉધ્ધત વર્તનથી કોઈને હાનિ પહોંચાડી તેની દરકાર ન કરવામાં વગેરે.

ઘણા માનવીઓ અન્ય વ્યક્તિઓ વિશે જાણવા માટે ઘણા બધા પ્રયત્નો કરે છે, પરંતુ તેઓ પોતાની જાત વિશે જાણવા માટે કોઈ પ્રયત્ન કરતા નથી ! "સર્વજ્ઞ" વિશે જાણવા પ્રયત્ન કરવો તેને "સાધના" કહે છે. સર્વજ્ઞાતા વિશેનું જ્ઞાન એ "આત્મવિદ્યા" છે. આ જ્ઞાન થકી જ માનવી કોઈપણ જગ્યાએ શાંતિપૂર્વક રહી શકે છે. બાકી, જ્યારે તમને સમજ આવી જાય કે તમે દૈવી તણખાનો એક ભાગ છો, ત્યારે તમે તેમના ઉપર આદર અને સાચા પ્રેમની ભાવનાથી નજર નાખો છો, તમારું હૃદય પરમ આનંદથી ભરાઈ જાય છે અને અહંકારના નિવેદનો બિનઅસરકારક બની જાય છે. માનવીઓ દૂરના સ્થળોએ આનંદ શોધે છે અને નિરવ સ્થળોએ શાંતિ શોધે છે, પરંતુ આનંદની વસંતઋતુ તો એના હૃદયમાં જ છે, સ્વર્ગીય શાંતિ તો એમની અંદર જ છે. જ્યારે તે ચંદ્રની ધરતી ઉપર ચાલે છે ત્યારે માનવીએ પોતાની સાથે એના બધા ભય, એની ચિંતાઓ, એના પૂર્વગ્રહો અને પાળેલો અણગમો એની સાથે લેવો પડે છે. ભગવાનમાં શ્રદ્ધા રાખો નૈતિક જીવનમાં ચોકસાઈ રાખો, ત્યાર પછી જ તમને શાંતિ અને આનંદ પ્રાપ્ત થશે, પછી તમારૂ નસીબ તમને જે પણ કાંઈ આપતું હોય.

**ફક્ત પ્રેમ જ કાયમી સુખ-શાંતિની ખાત્રી આપે છે.**

ભલાઈ, કરુણા, સહિષ્ણુતા-આ ત્રણ માર્ગ દ્વારા જ કોઈપણ વ્યક્તિ અન્યમાં અને પોતાનામાં દિવ્યતા જોઈ શકે છે. આજે પણ લોકો દ્વારા હૃદયની નરમાઈની નિંદા કરવામાં આવે છે અને એને લોકો નબળાઈ, કાયરતા અને બુદ્ધિની

ઉણપ તરીકે જુએ છે. તેઓ કહે છે: દયા અને દાન સામે હૃદયને કઠણ કરવું પડશે. પરંતુ તે રસ્તો યુદ્ધ, વિનાશ અને પતન તરફનો છે. ફક્ત અને ફક્ત પ્રેમ જ કાયમી સુખ-શાંતિની ખાત્રી આપે છે. વહેંચવા માત્રથી જ દુઃખ દૂર થઈ શકે છે અને આનંદનો ગુણાકાર થાય છે. માણસનો જન્મ જ વહેચવા માટે, સેવા કરવા માટે, આપવા માટે છે, નહીં કે બીજાનું પડાવી લેવા માટે. જ્યારે તમે હૃદયની વેદીમાં અમૂલ્ય સત્ય તરીકે ભગવાનમાં શ્રદ્ધા સ્થાપિત કરશો, ત્યારે તમે તમારા નસીબને લીધે મળતી તકલીફો કે ખૂશીઓ-બન્નેને એકસમાન રીતે આવકારશો.

માનવીને સૌથી વધુ આનંદ મળી શકે છે અને તે આનંદ બીજાઓને પણ વહેંચી શકે છે; પરંતુ તેની પાસે માત્ર દુઃખ છે અને એ દુઃખ જ બધાને વહેંચી રહ્યો છે. એકવાર એક રાજાએ કઠિયારાને વિશાળ વાવેતરવાળું ચંદનના વૃક્ષોનું જંગલ ઈનામમાં આપ્યું, કે જેથી એ પાછા ફરે ત્યારે મહેમાનગતિના કૃત્ય માટે તેને તક મળી શકે. પરંતુ કઠિયારાને ચંદનના વૃક્ષોની કિંમત સમજાઈ નહીં. એટલું જ નહીં એને એનો અર્થ પણ સમજાયો નહીં. ચંદનના વૃક્ષોમાંથી નીકળતી સુગંધ વિશે પણ તેણે વિચાર્યું નહીં. ટૂંકા સમયગાળામાં એણે બધાં જ ચંદનના વૃક્ષો કાપીને બાળવા માટે કે કોલસો બનાવવા માટે વેચી નાંખ્યાં. આ જ રીતે મોટા ભાગના લોકો તેમનું જીવન વેડફી નાંખે છે. તેઓ પણ ચંદનના વૃક્ષોમાંથી કોલસો બનાવે છે અને થોડું ઘણું વળતર મેળવીને ખુશ રહે છે !

પ્રાર્થનાના માધ્યમથી તમે ભગવાનની કૃપા જીતી શકો છો. પ્રાર્થના તમને ઇન્દ્રિયોની ગુલામીમાંથી બચાવે છે. જ્યારે તમે ભગવાનની સ્તુતિ કરો છો અને એવું અનુભવો છો કે તમે એમની ઈચ્છાથી જ ચાલી રહ્યાં છો, ત્યારે તમે ગુસ્સો, ચિંતા, પૂર્વગ્રહ અને ઈર્ષાથી મુક્ત થશો. આ ક્ષણિક આવેગ તમારી શારીરિક અને માનસિક તંદુરસ્તી ને નષ્ટ કરે છે. જ્યારે જ્યારે તમે અસંતોષ અનુભવો ત્યારે તમારી લાગણીને વશમાં રાખવા પ્રયત્ન કરો. એનો ઉપચાર, કોઈ માંદગીનો ઉપચાર કરતા હો, એ રીતે જ કરો, ઈલાજ શોધી કાઢો અને એને જીતી લો. એક સાધુ જંગલના રસ્તે જઈ રહ્યો હતો. એક ઝઘડાખોર ટોળકી અપશબ્દો બોલતી એની પાછળ પાછળ જઈ રહી હતી. જંગલ પૂરું થવા આવ્યું ત્યાં આવેલા એક ખડક ઉપર સાધુ બેસી ગયા અને પેલી ઝઘડાખોર ટોળકીને તેમનાથી બનતું બધું જ ખરાબ કરવા માટે જાણે કે પ્રોત્સાહન આપ્યું. સાધુએ કહ્યું, આગળ જતાં તેઓ એક મોટા ભક્તોના સમૂહને મળશે, તેઓ કદાચ ગુસ્સે થઈને તમારા આવા વર્તન માટે તમોને ધીબી પણ નાંખશે.

**<u>શિસ્ત એ બુદ્ધિશાળી જીવનશૈલીની નિશાની છે.</u>**

માનવી મૂળભૂત રીતે પ્રેમ, શાંતિ, આનંદ અને સત્ય સ્વરૂપ છે. આ બધી ભાવનાત્મકતાઓથી તે ભરેલો છે, તેને કહેવાય છે દિવ્યત્વ. તેણે આ બધા મૂળભૂત મૂલ્યો પ્રમાણે જ વર્તવું જોઈએ. પરંતુ તે, આ બધાને બાજુએ કરીને જૂઠના માર્ગે કે "હું" અને "મારું" તરફ વળે છે. આ રીતે તે તેના વ્યક્તિત્વને કલંકિત કરે છે. કલંકિતતાથી કેવી રીતે છુટકારો મેળવવો એ ધર્મની સમસ્યા છે. ભજન, નામ સ્મરણ એ સુંદર સફાઈ પ્રક્રિયાઓ છે. ફક્ત - મન દરેક નામની મધુરતા પર ટકી રહેવું જોઈએ અને પરિણામે મન પણ મીઠું મધુર બનવું જોઈએ. આ બધું રોજ

નિયમિતરીતે શિસ્તપૂર્વક થવું જોઈએ, અને એવી જાગૃતિથી થવું જોઈએ કે આનું સારુ જ પરિણામ આવશે. તેને માત્ર યાંત્રિક નિત્યક્રમમાં ફેરવીને, ગીચ સમયપત્રક બનાવીને, અધોગતિ તરફ ન લઈ જવું જોઈએ.

શિસ્ત એ બુદ્ધિશાળી જીવનશૈલી નિશાની છે. માતા-પિતાએ તેમના બાળકોને કાબુ બહાર જવા દેવા જોઈએ નહીં, બહાર રખડવા દેવા જોઈએ નહીં, તેમની ઉપર નિયંત્રણરૂપી લગામ હોવી જ જોઈએ. ઘણા માતાપિતા તેમના બાળકોને સારું ખવડાવે છે અને ચાહે પણ છે, પરંતુ પછી તેમને સ્વતંત્રતાના નામે મિત્રોને પામવા અને આનંદને શોધવા માટે છોડી દે છે. તેમના કોમળ મન ઉપર કેવી છાપ પડશે, તેની કોઈ ચિંતા કર્યા વગર તેઓ ચલચિત્રો (ફિલ્મો) જોવા માટે પણ લઈ જાય છે. તેઓ તેમના બાળકના મિત્રોને જલસા કરાવીને તેમનું મનોરંજન પણ કરે છે પરંતુ તેમની ટેવો કે તેમના વિશેની અગાઉની માહિતી અંગે કોઈ દરકાર રાખતા નથી. કેટલાક તેમના બાળકોને ધુમ્રપાન અને નશો કરવા માટે પણ પ્રોત્સાહન આપે છે. તેઓ ત્યારે જાણતા નથી કે એક દિવસ તેઓએ રડવું પડશે. તેઓ આવું વર્તન કરીને જાહેર કરે છે કે તેઓ તેમના સંતાનોના જ દુશ્મન છે !

**જીવનનો સોનેરી નિયમ.**

મને બાળકો ગમે છે; હું તેઓની ખૂબ કાળજી લઉં છું; હું તેમના તરફ વિશેષ ધ્યાન આપું છું. હું તેમને સલાહ આપું છું. તેમના માતા-પિતાને પણ સલાહ આપું છું કે તેઓ “તેમના બાળકોને યોગ્ય સલાહ, યોગ્ય સમયે આપે.” હું શિસ્ત પર ભાર આપું છું. માતા-પિતાનું કહેલું આદરપૂર્વક માનવા કહુ છું, નિયમિત ખોરાક અને રમત રમવાનું કહું છું, અભ્યાસ માટે જરૂરી સમયની ફાળવણી કડકાઈથી કરવાનું કહુ છું, ભજન, ધ્યાન માટે પણ ભાર મૂકું છું. હું સેવાની કેટલીક બાબતો અંગે પણ ભલામણ કરું છું, જેમ કે બીમાર વ્યક્તિની કાળજી રાખો.

હું આ બાબતો પસંદ નથી કરતો, જેમ કે વ્યર્થ વાતો, વૈભવી જીવન, હાનિકારક ટેવો, ફિલ્મોનું વ્યસન, ભયાનક હાસ્ય, પત્ર-મિત્રો, વિચિત્ર પહેરવેશ, વિદેશી કેશ રચના પદ્ધતિ કે જે અન્યનું ધ્યાન આકર્ષિત કરવા માટે બનાવાઈ હોય છે વગેરે. આ માધ્યમો દ્વારા છોકરાઓ અને છોકરીઓ ધીમે ધીમે દૂરાચારી બને છે અને અનૈતિક માર્ગે દોરવાઈ જાય છે.

શિસ્ત તમને નિરાશાનો સામનો કરવા તાલીમ આપે છે. તમે જાણશો કે જીવનના માર્ગમાં ચઢાવ અને ઉતાર એમ બંને હોય છે, જેમ કે દરેક ગુલાબને કાંટાઓ હોય છે. હવે લોકોને ગુલાબો જોઈએ છે પરંતુ કાંટાઓ વિનાના ! તેવા લોકો, જીવનને વિષયાસક્ત આનંદની ગાથા અને હંમેશા પિકનિક તરીકે જ માને છે. જ્યારે આવું ન બને ત્યારે તમે જંગલી વર્તણૂક અને બીજાઓને દોષ દેવાનું શરૂ કરો છો. જો દરેક વ્યક્તિ પોતાના આનંદ માટે જ કાળજી રાખે, તો પછી સમાજ કેવી રીતે પ્રગતિ સાધી શકે ? નબળાઓ કેવી રીતે બચી શકે? “મારું, તારું નહીં,” આ લોભની ભાવના જ દરેક દૂષણોનું મૂળ છે. આ ભેદભાવ ભગવાનની બાબતમાં પણ લાગુ પડે છે-મારો ભગવાન, તમારો નહીં ! તમારો ભગવાન, મારો નહીં ! તમારે તમારા દરેક કૃત્યની તપાસ કરવી આવશ્યક છે કે તમારા કૃત્યથી કોઈને દુ:ખ પહોંચશે કે કેમ; જો તેમ થતું હોય, તો ત્યાંથી

પાછા વળી જાઓ. "કોઈ તમારી સાથે વર્તાવ કરે તે તમને ન ગમે તો તેવો વર્તાવ તમે પણ અન્ય સાથે ન કરશો." આને સોનેરી નિયમ કહે છે. હા, આ ઉત્તમ કસોટી છે, જે સાચાને ખોટામાંથી શોધી શકે છે. જો કોઈ અન્ય વ્યક્તિ પાસે તમને ગમતી વસ્તુ હોય, તો તેની પાસેથી છીનવી લઈને તેને દુઃખ પહોંચાડશો નહીં. શું તમને ગમતી વસ્તુ, તમારી પાસેથી કોઈ છીનવી લે તો તે તમને ગમશે ખરું ?

તમારી ક્ષમતા પ્રમાણે લોકોની સેવા કરવાનું શીખો. તમારા માતા-પિતા, શિક્ષકો અને વડીલોને આદર આપતાં શીખો, તેમના હૃદયમાં હંમેશાં તમારી પ્રગતિની જ મહેચ્છા હોય છે. જ્યારે તમે તમારા ગામોમાં પાછા જશો ત્યારે સેવા સમિતિમાં જોડાજો, તમારી જાતને ભજન, સેવા તથા અન્ય કાર્યક્રમોમાં સામેલ કરજો અને ત્યાંના સભ્યો સાથે અભ્યાસ કરજો.

(એપ્રિલ-૧૯૭૩ માં હૈદરાબાદમાં ભગવાને આપેલા પ્રવચનના કેટલાક અંશો.)

દિવ્યતાના પ્રતિકો

# શ્રી સત્ય સાઈ હિલ વ્યુ સ્ટેડિયમની વાર્તા

જો નવેમ્બર ૧૯૭૫ માં ભગવાનના ૫૦ માં જન્મ દિવસની ઉજવણીમાં, અત્યાર સુધી ક્યારેય ન જોયા હોય તેવા બાબાના અવકાશી દર્શનના સાક્ષી બનવાનું અનેક ભક્તોને સદભાગ્ય સાંપડ્યું હતું. અને બાબાએ હેલીકોપ્ટરમાંથી ગુલાબ પંખુડીઓની કૃપાવૃષ્ટિ કરી હતી. તો તે જ પ્રમાણે ૬૦ માં જન્મદિવસે લગભગ ૪ લાખથી વધુ દિવ્ય હૃદયો એકઠા થયા હતાં અને અત્યાર સુધી ક્યારેય આનંદની અનુભૂતિ ન કરી હોય તેટલા દિવ્ય પ્રેમ-લાગણી અને આનંદનો વિશાળ સ્તરે અનુભવ કર્યો હતો. સ્વામીએ પોતાનાં ભક્તો માટે શ્રી સત્ય સાઈ હિલ વ્યુ સ્ટેડિયમનું ઉદઘાટન કર્યું હતું.

હકીકતમાં નવેમ્બર ૧૯૮૫ માં શ્રી સત્ય સાઈ સંગઠનની વિશ્વ પરિષદનો મુખ્ય મુદ્દો હતો સંપૂર્ણ વિશ્વ સમાજને એક કરવો. કદાચ આ મુદ્દા ઉપર ચર્ચા-વિચારણા માટે આના કરતાં સારું બીજું કોઇ સ્થળ ન હોઇ શકત કે જે ૩,૮૨,૦૦૦ ચોરસ ફૂટનો વિસ્તાર ધરાવતું હિલ વ્યુ સ્ટેડિયમ હતુ, જે સ્થળે તમામ ધર્મોના અવતાર અને પયગંબરોના ઊંચા પૂતળા (મૂર્તિઓ) સ્થાપિત હતાં.

પછી એમના ૬૫ માં જન્મદિવસે ભગવાને હનુમાનની ૬૫ ફૂટ ઊંચી મૂર્તિ સ્થાપિત કરી જે સ્ટેડીયમના નિર્માણની ભવ્યતામાં આખરી અને શ્રેષ્ઠ પ્રદાન હતું.

**મોટી અને ભવ્ય ઉજવણી માટે મહાકાય સ્ટેડીયમ.**

ઘણાં બધાને ખબર નહી હોય કે 'હિલ વ્યુ સ્ટેડિયમ' છ મહિના કરતાં પણ ઓછા સમયમાં તૈયાર થઈ ગયુ હતું. ૧૯૮૫ નાં ઉનાળા સુધી કોઇને પણ આ સ્ટેડિયમ માટે કોઈ ભણક પણ ન હતી કે વિદ્યાર્થીઓ માટેનું રમત-ગમતનું સામાન્ય મેદાન ઝડપથી રૂપાંતરિત થશે. ખરેખર તો ૧૯૮૦ પહેલાં પુટ્ટપર્તિનાં મુખ્ય રસ્તા અને પશ્ચિમ તરફની ટેકરીઓની શ્રૃંખલા વચ્ચે આવેલ

આ જમીન માત્ર ખરાબાની (નકામી) જમીન હતી જે પત્થરો, કાંટાઓ અને ઝાડીઓથી ઘેરાયેલ હતી. ગમે તેમ પણ આ જમીનનો એક ખૂણો દર વર્ષે સાફ અને સ્વચ્છ કરવામાં આવતો જે દશેરા ઉજવણી દરમ્યાન વિશાળ પાયે કરવામાં આવતી "નારાયણ સેવા" માટે વપરાતો કે જે વખતે અન્ન તથા વસ્ત્રો ગરીબ-જરૂરિયાતમંદને વહેંચવામાં આવતા. પરંતુ ૧૯૮૦ અને ૧૯૮૨ ના સમય ગાળા દરમ્યાન પૂર્વ તરફના ભાગે મોટા ઊંચા મકાનોની કતાર રૂપે માનીલો દિવાલ જ સર્જાઈઃ સીનીયર વિદ્યાર્થિઓ માટે હોસ્ટેલ (૧૯૮૦), પ્રાથમિક શાળા (૧૯૮૧) અને ઉચ્ચતર માધ્યમિક શાળા (૧૯૮૨). જો કે આ પહેલા ત્યાં ૧૯૭૨ માં બંધાયેલ ઈશ્વરમ્મા હાઇસ્કુલનું એક જ મકાન હતું.

હવે આ મોટું મેદાન શાંત અને રમણીય જગ્યા બની કે જેની એક બાજુ કુદરતી દિવાલ જેવી ટેકરીઓની શ્રૃંખલા અને બીજી બાજુ શૈક્ષણિક સંસ્થાઓના મકાનોરૂપી દિવાલ હતી. વિદ્યાર્થીઓ માટે આ કુદરતી રમત-ગમતનું મેદાન બની ગયું. ટેકરીઓ સાથે જોડાયેલ આ જમીનને ૧૯૮૩ માં બાબાએ સમથળ કરી વિદ્યાર્થીઓ માટે વધુ એક વાર આકર્ષણનું કેન્દ્ર બનાવ્યું. આ સપાટ જમીન ધરાવતું મેદાન વિદ્યાર્થીઓને ફૂટબોલ, હૉકી, ક્રિકેટ વિ. રમવા સદા આવકારતું.

આવી અદભુત સગવડતા મેળવવા બદલ વિદ્યાર્થીઓ રોમાંચિત થયા અને તેઓએ નક્કી કર્યુ કે ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા તેઓ પણ કાંઈક વિશેષ એવું કરશે, તેથી ૧૯૮૩ ના ઉનાળા દરમ્યાન ભગવાન વૃંદાવન ગયા ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ પશ્ચિમ તરફની ટેકરી પર ચઢી ગયા અને તેની ખડક સપાટી પર ખૂબ જ મોટા અક્ષરોથી "શ્રી સત્ય સાઈ હિલ વ્યુ સ્ટેડિયમ" એવું લખ્યું. ઘેરા ભૂરા રંગની ખડક સપાટી પર આ સફેદ અક્ષરો અતિ ભવ્ય લાગતાં હતાં.

આ દ્રશ્યે ભગવાનને ભાવ-વિભોર કરી દીધાં. થોડા મહિનાઓ પછી ભગવાને આ સ્થળની પસંદગી આંતરરાષ્ટ્રિય બાલ-વિકાસની રેલી માટે કરી અને જ્યારે સેન્ટ્રલ ટ્રસ્ટના વડિલોએ બાબાને સ્ટેડિયમનું "નામકરણ" કરવા સુચવ્યું ત્યારે બાબાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે મારા વિદ્યાર્થીઓએ આ સ્ટેડિયમનું "નામકરણ" કરી જ દીધું છે. જે "શ્રી સત્ય સાઈ હિલ વ્યુ સ્ટેડિયમ" છે અને હવે આ જ નામ ચાલુ રહેશે. સાચે જ ઇશ્વરની કોઇ પસંદગી હોતી નથી. તેમની પસંદગી એટલે તેમનાં ભક્તોનાં હૃદયમાથી ઉદભવતી પવિત્ર ભાવના.

ડિસેમ્બર ૧૯૮૩ મા ૨૦ દેશોના ૭૦૦૦ બાળકોની ભવ્ય અને સંગીન રેલી બાદ ભગવાને આ મેદાનને બે વિભાગમાં વહેંચી ૧૯૮૪ માં તેને વિકસિત કર્યું. આખો વિસ્તાર જે ટેકરીની નજીક હતો તે "અપર ગ્રાઉન્ડ" અને હવે ત્યાં "લોઅર ગ્રાઉન્ડ" પણ થયું. આ ગ્રાઉન્ડ નાનું હતું અને અપર ગ્રાઉન્ડથી ત્રણ ફીટ નીચું હતું અને તે, વોલિબોલ, બાસ્કેટબોલ અને શટલ બેડમિન્ટન જેવી રમતો માટે અનુકૂળ હતું.

પશ્ચિમ બાજુ ભગવાને પ્રેક્ષકો માટે બેસી શકે અને જોઇ શકે તેવી ગેલેરી પણ બંધાવી. જ્યારે કોઇકે સૂચન કર્યુ કે સ્ટેડિયમને હજું મોટું અને વિકસિત કરવા ટેકરીનો નાશ કરવો, તો સ્વામીએ આ વિચારને નકારી દીધો. આજે આપણે થોડા ઘણાં અંશે જાણી શકીએ છીએ કે ભગવાનને માટે ટેકરી કેટલી મહત્વની હતી.

સમગ્ર જગ્યાનાં પરિવર્તન માટે આ ટેકરી મુખ્ય અને પાયા સમાન હતી.

ત્યાર પછીનું વર્ષ આ વિશાળ રમતના મેદાનમા ઝડપી બદલાવ લાવવાનુ બની રહેવાનું હતું. ૧૯૮૫ ના મે મહિનાની એક સવારે ભગવાને આશ્રમના કેટલાક અધિકારીઓને અને શિલ્પી શ્રી સુબ્રમણ્યમને કે જેઓ દર્શન માટે હરોળમાં બેઠા હતાં તેઓને મેદાન પર એકઠા થવાની સૂચના આપી. ભગવાન જાતે જ સવારે ૧૦.૦૦ વાગ્યે ત્યાં આવી પહોચ્યાં અને આ વિશાળ જગ્યા પર દૃષ્ટિ નાંખી અને જાહેરાત કરી કે હવે પછીનાં તમામ કાર્યક્રમો-ઉજવણીઓ આ જગ્યાએ જ કરવામાં આવશે. તે પછી તેમણે ઇજનેરો તરફ જોયું અને ચોક્કસ જગ્યા તરફ નિર્દેશ કર્યો. તેઓને સૂચન કર્યુ કે અહીં ભવ્ય મંડપનું બાંધકામ કરો. શિલ્પીએ તરત જ પૂછ્યું કે મંચનું માપ કેટલું રાખીશું? શિલ્પીની પીઠ થપથપાવતા સ્વામીએ નિર્દેશન આપ્યું કે ૯૦ ફીટ બાય ૬૦ ફીટનું રાખો.

(વધુ આવતા અંકે...)

*પૃથ્વી ઉપરના ટેકનોલોજીકલ વિકાસ અને કહેવાતી સુધરેલ સંસ્કૃતિને લીધે, આખા વિશ્વમાં, કેટલાક જીવલેણ, ભયાનક અને વિચિત્ર રહસ્યમયી રોગોએ ઉત્પાત મચાવ્યો છે. આજના યુવાનોને – તંદુરસ્તીની સારી ટેવો જેમકે ન્હાવું, દાત હંમેશા ચોખ્ખા રાખવા વિગેરે બધી જૂનવાણી અને ગમાર બાબતો લાગે છે. ફેશનના નામે અસ્વાસ્થયકર, અનિચ્છનીય એવી રોગીષ્ઠ પધ્ધતિઓને અપનાવાય છે. ધુમ્રપાન, મદ્યપાન, સિનેમા થિયેટરોમાં ભીડભાડમાં કલાકો સુધી બેસવું અને પોતાના જીવનને – આઘાત, માનસિકતણાવ અને ટેન્શનને હવાલે કરી દેવું. આ બધી ટેવોને કારણે શરીર અને મન દીર્ઘકાલીન બિમારીઓનો ભોગ બને છે. કેન્સર, ઈઓસિનોફિલિયા, ટી.બી., હૃદયરોગ – આ બધા રોગો, આવી હાનિકારક ટેવોને કારણે વધી રહ્યા છે. માનવીએ હંમેશા – તેની ટેવો, તેની ઈચ્છાઓ, તેની લાગણીઓ, તેની આંખો અને કાનો વડે તે શું ભેગુ કરી રહ્યો છે તે અંગે, તે પુસ્તકો જે વાંચે છે, તે ફિલ્મો જે જુએ છે તે અંગે વિગેરે વિગેરે – આ બધા પ્રત્યે તેણે સજાગ રહેવું જોઈએ.*

**–ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

*જ્યારે તમારો પડછાયો તમારી આગળ પડતો હોય છે ત્યારે તમે ગમે તેટલી ગતિથી દોડશો તો પણ તેને આંબી શકશો નહિ. તેવી જ રીતે જ્યારે તે તમારી પાછળ પડતો હોય છે ત્યારે તમારા સઘળા પ્રયત્નો વડે પણ તમે તેનાથી છટકી શકશો નહિ પછી, સ્થળ ગમે તે હોય – પર્વત ઉપર કે મેદાનમાં આમ જ બનવાનું. તમારી આશા–આકાંક્ષાઓ માટે પણ આમ જ સમજવું. તમે તેની પાછળ દોડો કે તમારી પાછળ તે દોડે – પણ તમે તેને આંબી શકશો નહિ કે તમે તેને પકડી શકશો નહિ. પરંતુ, જો ઈચ્છા–આકાંક્ષાઓને આધ્યાત્મિકતાના માર્ગે વાળો તો તમને જરૂર સારી એવી સફળતા પ્રાપ્ત થશે.*

**–ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

# સેવા પ્રવૃત્તિ અહેવાલ – ભાગ ૧

સનાતન સારથિના સર્વે સુજ્ઞ વાચકો-ભાઈઓ અને બહેનો સૌને સપ્રેમ સાઈ રામ,

મે માસના અંકમાં રાજ્ય પ્રમુખશ્રીએ જણાવેલ તે પ્રમાણે આ અંકમાં વર્ષ ૨૦૨૧ ની અત્યાર સુધીની સેવા પ્રવૃત્તિનો રાજ્યસ્તરીય અહેવાલ અત્રે નીચે પ્રસ્તુત છે. તે અનુસંધાનમાં જણાવવાનું કે,

૧. અત્રે જીલ્લા દીઠ થયેલ પ્રવૃત્તિઓનો આંકડાકીય અહેવાલ રજૂ કરેલ છે. દરેક જીલ્લાએ સ્વામીની અસીમ કૃપાથી-પોતપોતાની ક્ષમતા પ્રમાણે ઉત્તમ સેવાઓ કરેલ છે અને સ્વામીને પસંદ પડે તે રીતની "સમસ્ત લોકાઃ સુખિનો ભવન્તુ" ના ભાવથી સ્વામીને અર્પણ કરેલ છે.

૨. સનાતન સારથિ પરિવારના સૌ વાચકગણ પણ સંગઠનની આ પ્રવૃત્તિઓમાં જોડાય; અને સેવા દ્વારા સ્વામીના પ્રેમની સુવાસ ચોમેર ફેલાવવામાં પોતાનું યોગદાન આપે એવી અપેક્ષા. અને ભવિષ્યમાં, ભગવાનને ચરણે, વધુ સેવાપુષ્પો આપણે અર્પણ કરી શકીએ તે માટે ભગવાન આપણને સૌને વધુ બળ આપી કૃપા વરસાવે એ જ અભ્યર્થના.

૩. આ સેવા પ્રવૃત્તિઓ માટે આશરે રૂપિયા ચોત્રીસ લાખથી વધુનો ખર્ચ થયેલ છે.

## ગુજરાત રાજ્યમાં કોવિડ મહામારી દરમ્યાન જાન્યુઆરી થી મે ૨૦૨૧ સુધીના સમયની સેવા પ્રવૃત્તિનો અહેવાલ*

| સેવા પ્રવૃત્તિ | અમદાવાદ | ભાવનગર | ભરૂચ | સુરત | વડોદરા | વલસાડ | રાજકોટ | પંચમહાલ | ખેડા | મહેસાણા | નવસારી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમૃત કલશમ કીટ | ૯૮ | ૮૨૯ | ૩૪૭ | ૨૦૨ | ૧૩૨ | ૭૨ | ૫ | ૮૦ | ૨ | ૯ | ૪૨૮ | ૨૨૦૪ |
| ભોજન/ફૂડ પેકેટ્સ | ૫૯ | ૫૦૧૨ | ૧૦૮૧ | ૫૮૩૯ | ૨૦૫૧ | ૪૫૮ | ૧૮૮૨ | - | ૩૧૫ | ૪ | ૧૦૦ | ૧૬૮૦૧ |
| કેળા / ફળો | - | ૩૭૦ | | - | - | - | - | - | - | ૪ | - | ૩૭૪ |
| છાશ | - | ૩૪૦ | - | - | - | - | - | - | - | - | - | ૩૪૦ |
| માસ્ક | - | - | ૨૧૧ | ૩૫૦ | - | ૨૦૦ | - | - | - | - | - | ૭૬૧ |
| સેનીટાઈઝર બોટલ્સ | - | - | ૨૦૦ | ૧૦૧૦ | - | ૧૦૦ | - | - | - | - | - | ૧૩૧૦ |
| પાણીની બોટલ્સ | - | - | - | - | - | ૨૭૦ | - | - | - | - | - | ૨૭૦ |
| બિસ્કીટ પેકેટ્સ | - | - | ૫૪ | ૧૫૦ | - | ૧૫૭૬૯ | ૧૦૮ | - | - | - | - | ૧૬૦૮૧ |
| ચોકલેટ | - | - | - | ૧૫૦ | - | ૧૮૦૦ | ૧૧૦૦ | - | - | - | - | ૩૦૫૦ |
| એનર્જી ડ્રીંક જ્યુસ | - | - | ૨૯૦ | - | - | ૫૦૪ | - | - | - | - | - | ૭૯૪ |
| નોટબુક્સ | - | - | ૨૫૦ | - | - | - | - | - | - | - | - | ૨૫૦ |
| સિવવાના-સંચા | - | - | - | - | - | ૨૦ | - | - | - | - | - | ૨૦ |
| ઈલેક્ટ્રિશીયન કીટ | - | - | - | - | - | ૧૦ | - | - | - | - | - | ૧૦ |
| ફાર્મર કીટ | - | - | - | - | - | ૧૦ | - | - | - | - | - | ૧૦ |
| હેન્ડ લોરી (ટુલ્સસાથે) | - | - | - | - | - | ૧૦ | - | - | - | - | - | ૧૦ |
| કપડા / બ્લેન્કેટ્સ | - | - | - | ૨૫૧ | - | ૩૦૦ | ૩૬૦ | - | - | ૨૫ | ૯૯ | ૧૦૩૫ |
| ગાય (ગૌદાન) | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| પીપીઈ કીટ | - | - | - | - | - | ૧૦૦૦ | - | - | - | - | - | ૧૦૦૦ |
| ઓક્સીજન સીલીંડર | ૧૦ | ૩૨ | - | - | - | - | - | - | - | - | - | ૪૨ |
| કોરોના રક્ષક વાઈબ્રો દવા | - | - | - | - | ૧૧૫૨ | - | - | - | - | - | - | ૧૧૫૨ |
| અન્ય ચીજ/ વસ્તુઓ | ૮૦ કિ. | - | - | ૧૦૦ | ૨૪૪ | - | ૧૨ | - | - | ૨૫ કિ. - | | |
| રક્તદાન પ્રવૃત્તિ (યુ) | ૨૬૭(યુ) | ૨૭(યુ) | - | ૧૬૫(યુ) | ૩૫(યુ) | - | - | - | - | - | ૫૨(યુ) | ૫૪૬(યુ) |
| પ્લાઝમા ડોનેશન | - | ૧૬ | - | - | - | - | - | - | - | - | - | ૧૬ |
| નેત્ર રોગ નિદાન કેમ્પ | - | - | - | - | - | - | - | - | - | - | ૧૩૭ | ૧૩૭ |

* રાજ્ય પ્રમુખશ્રી તરફથી મળેલવિસ્તૃત અહેવાલ પર આધારિત

Publication Date : 20/06/2021

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

# સનાતન સારથિ

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023

Place of Posting - Vadodara (H.O.)



## બધામાં રહેલા ઈશ્વરને ઓળખો

તમે જેને મળો, તે દરેકમાં ઈશ્વરને જુઓ. તમે જે પણ કાંઈ કરો, તેમાં ઈશ્વર નિહાળો. ભૌતિક હોય કે આધ્યાત્મિક હોય, સ્થૂળ હોય કે સૂક્ષ્મ, 'તેની' દિવ્યતા તો સર્વત્ર વ્યાપેલી જ છે. હકીકત તો એ છે કે, હવે, એવું શોધાયું છે કે સ્થૂળ કે સૂક્ષ્મ જેવું કાંઈ છે જ નહીં. બધું જ ઈશ્વર (દિવ્ય) છે, એની જ દિવ્યતાનું પ્રકટીકરણ છે.

તમારામાંના આનંદના ફુવારાને માણો, આનંદ મેળવો-તમારી અંદરથી ને બહારથી પણ; અને આગળ વધો, ત્યાં જ થોભી ન જશો કે પાછા પણ ન ફરશો. દરેક ક્ષણ એ આગળ વધતું પગલું હોવું જોઈએ. બધામાં ઈશ્વરને જોવાનો આનંદ મેળવો અને ઈશ્વરના ગુણગાન ગાવા માટે મળતી દરેક તકને આવકારો; 'તેની' દિવ્યતાના થતા અનુભવોને સાંભળતા રહો અને 'તેની' અનુભવાતી હાજરીની વાતો બીજાઓને વહેંચતા રહો.

- ભગવાન શ્રી સત્ય સાઈબાબા.

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૪૬ ૪૯૯૫૩

**મુદ્રક : એલાઈન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.